પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૫૪, કુલ પાના:૪, તારીખ: ૨૩-૧૦-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 54 PRICE :-RS. 1.50 DATE : 23-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સેના પ્રમુખ નરવણેએ સબમરીનને નૌસેનાના બેડામાં સામેલ કરાવ્યું

## દુશ્મન સાવધાન: INS કવરત્તી નૌસેનાના બેડામાં સામેલ

ન્યુ દિલ્હી,

ભારતીય નૌસેના માટે આજે બહુ મોટો દિવસ છે. ગુરુવારે ભારતીય નૌસેનાના બેડામાં આઈએનએસ કવરત્તી સામેલ થઈ ગયું છે. ભારતીય સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવણે એ સબમરીન રોધી પ્રણાલીથી સજ્જ આ સ્વદેશી આઈએનએસ કરવત્તીને નૌસેનાના બેડામાં સામેલ કરાવ્યું. મેડ ઈન ઈન્ડિયા આઈએનએસ કવરત્તી યુદ્ધ જહાજને ભારતીય નૌસેનાના સંગઠન ડાયરેક્ટર ઓફ નેવલ ડીઝાઈનએ ડીઝાઈન કર્યું છે.



ભારતના આ જંગી જહાજની ખાસ વાત એ છે કે તે કોઈ રડારની પકડમાં નથી આવતું.

INS Kavarattiનું નિર્માણ કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સે કર્યું છે. આત્મનિર્ભર ભારતની દિશામાં આ એક અગત્યનું પગલું છે. આ યુદ્ધ જહાજ નૌસેનામાં સામેલ થવાથી તેની તાકાતમાં અનેકગણો વધારો થશે. આઈએનએસ કવરત્તીનો ૯૦ ટકા હિસ્સો સ્વદેશ નિર્મિત છે અને નવી ટેકનીકની મદદથી તેની દેખરેખ કરવાની જરૂરિયાત પણ ઓછી રહેશે. મેડ ઈન ઈન્ડિયા આઈએનએસ કવરત્તી યુદ્ધ જહાજને ભારતીય નૌસેનાના સંગઠન ડાયરેક્ટર ઓફ નેવલ ડીઝાઈનએ ડીઝાઈન કરી છે. તેનું નિર્માણ કોલકાતાના ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સે કર્યું છે. આત્મનિર્ભર ભારતની દિશામાં આ એક અગત્યનું પગલું છે. આ યુદ્ધ જહાજ નૌસેનામાં સામેલ થવાથી તેની તાકાતમાં અનેકગણો વધારો થશે.

INS Kavarattiના નૌસેનામાં સામેલ થવા પર અધિકારીઓનું કહેવું છે કે આ અત્યાધુનિક હથિયાર પ્રણાલી છે અને તેમાં એવા સેન્સર લાગેલા છે જે સબમરીનની ભાળ મેળવશે અને તેનો પીછો કરવામાં સક્ષમ છે. આ પ્રોજેક્ટ-૨૮ હેઠળ સ્વદેશમાં નિર્મિત ચાર સબમરીન રોધી જંગી સ્ટીલ્થ જહાજ પૈકીનું અંતિમ જહાજ છે. નોંધનીય છે કે આ પહેલા ત્રણ યુદ્ધ જહાજ ભારતીય નૌસેનાને સોંપવામાં આવી ચૂક્યા છે. INS Kavarattiની લંબાઈ ૧૦૯ મીટર અને પહોળાઈ ૧૨.૮ મીટર છે. તે અત્યાધુનિક હથિયારો, રોકેટ લોન્ચર્સ, એકીકૃત હેલીકોપ્ટર્સ અને સેન્સરથી સજ્જ છે. સબમરીન રોધી ક્ષમતા ઉપરાંત, જહાજને એક વિશ્વસનીય સેલ્ફ ડિફેન્સ ક્ષમતાથી પણ સજ્જ કરવામાં આવી છે અને તે લાંબા અંતરના અભિયાનો માટે સારી મજબૂતી પણ ધરાવે છે. આ યુદ્ધ જહાજમાં ૯૦ ટકા ઉપકરણો ભારતીય છે.

તેના સુપરસ્ટ્રક્ચર માટે કાર્બન કમ્પોઝિટનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે ભારતીય જહાજના નિર્માણના ઈતિહાસમાં મોટી સફળતા માનવામાં આવી રહી છે. આ યુદ્ધ જહાજ પરમાણુ, રાસાયણિક અને જૈવિક યુદ્ધની સ્થિતિમાં પણ કામ કરશે.

## રાજકોટમાં અચાનક કોરોના કેસોમાં ઘટાડો: ૧૦ હોસ્પિટલોએ સારવાર બંધ કરવા પરવાનગી માંગી

રાજકોટ,

છેલ્લા છ મહીનાથી રાજકોટને ધમરોળતા કોરોનાની સાંકળ તોડવામાં તંત્ર સફળ રહ્યુ છે. એક સમયે હાઉસફુલ રહેતી કોરોના હોસ્પિલમાં દર્દીઓની સંખ્યા ઘટતા ૧૦ જેટલી ખાનગી હોસ્પિટલોએ કોરોનાની સારવાર બંધ કરવાની પરવાનગી માંગી છે.



જિલ્લા કલેકટર રેમ્યા મોહને જણાવ્યુ હતુ કે પ્રવર્તમાન સ્થિતિએ કોરોના નું સંક્રમણ ઘટયુ છે. આમ છતા કાળજી અને સાવચેતી રાખવી જરૂરી છે. શિયાળની સિઝનમા સંભવત: કોરોનાની બીજી લહેરની શકયતા અવગણી ન શકાય આથી સરકારી કોવીડ સેન્ટરને હાલ બંધ કરવામાં નહી આવે. કલેકટરે જણાવ્યુ હતુ કે રાજકોટ શહેરરમા ૩૪ જેટલી ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર કરવામાં આવી રહી છે.

તેમાથી ૧૦ જેટલી હોસ્પિટલોના સંચાલકોએ સારવાર બંધ કરવા પરવાનગી માંગી છે. એકાદ સપ્તાહમાં તનો નિર્ણય કરવામાં આવશે, જો કે કોવિડ હોસ્પિટલ બંધ કરતા પહેલા હોસ્પિટલના સંચાલકોએ બાંહેધરી પણ આપવી પડશે.

બુધવારની સ્થિતિએ શહેરની ૩૪ ખાનગી હોસ્પિટલમાં ૧૧૯૯ સહીત જિલ્લામાં ૨૬૯૫ બેડમાંથી ૧૮૭૭ બેડ ખાલી પડયા છે. કોરોનાના દર્દીનો ઘટતા ખાનગી હોસ્પિટલમાં સ્ટાફ અને સારવારનો ખર્ચ પરવડી તેમ ન હોવાથી બંધ કરવાનો નિર્ણય આવ્યો છે. આ શહેરમાં કોરોનાની હોસ્પિટલમાં ૬૫ ટકા બેડ ખાલી પડયા છે.

રાજકોટમાં તંત્ર દ્વારા કોરોનાની સ્થિતી કાબુમાં હોવાના દાવા કરવામાં આવી રહ્યાં છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. કોરોના વિરુદ્ધ પરિસ્થિતિ કાબુમાં આવી હોવાનું દેખાડવા માટે ટેસ્ટ ઘટાડવામાં આવ્યાં છે. તેના માટે તારીખ ૧થી ૧૦ ઓક્ટોમ્બર દરમ્યાન ૪૯,૫૭૬ ટેસ્ટ કરાયા અને ૯૮૩ કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૧૧થી ૨૦ ઓક્ટો ૩૮૭૮૯ ટેસ્ટ કરાયા અને ૭૪૫ કેસ પોઝિટિવ આવ્યા હોવાનો ખુલાસો થયો છે.

## GTUમાં ડેટા સાયન્સનો કોર્ષ શરુ કરાયો

અમદાવાદ,

આગામી સમય હવે ડિજિટલ યુગ રહેવાનો છે અને કારકિર્દીની ઉજળી તકો પણ ડિજિટલ તરફ જોવાઈ રહી છે. માર્કેટની આ ડિમાન્ડને જોતા ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા ડેટા સાયન્સનો કોર્ષ શરૂ કરવામાં આવ્યો છે. આ ડેટા સાયન્સના કોર્ષમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓની કતાર લાગી છે.

નવા શરૂ કરાયેલા આ કોર્ષમાં માત્ર ૩૦ બેઠકો માટે ૪૦૦ વિદ્યાર્થીઓની અરજી જીટીયુ ને મળી છે. એટલુ જ નહીં, આ પ્રકારનો કોર્ષ શરૂ કરવામાં જીટીયુ રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની છે. વધતા જતા ડિજિટલ યુગમાં ડેટાનું ખુબજ મહત્વ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ડીઝીટલ ઈન્ડિયાને પ્રાધાન્ય આપે છે. હાલમાં મેસેજની આપ લેથી માંડીને ખરીદી ઓનલાઈન થઈ ગઈ છે અને હવે તો અભ્યાસ પણ ઓનલાઈન થયો છે ત્યારે ડેટા સાયન્સનો અભ્યાસક્રમ જીટીયુ દ્વારા શરૂ કરાયો છે.

જીટીયુના કુલપતિ નવીન શેઠે જણાવ્યું કે, એક સમયે વાયબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગ પતિ મુકેશ અંબાણીએ પણ હાલના સમયમાં ડેટા સોનાની ખાણ છે તે વાતનો ઉલ્લેખ કર્યો હતો. અને ડેટાએ હાલ માંર્કેટની ડિમાન્ડ છે. તેને ધ્યાને લઈને જીટીયુ દ્વારા ડેટા સાયન્સનો કોર્ષ શરૂ કર્યો છે. આ કોર્ષ શરૂ કરનાર જીટીયુ રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની છે. આ કોર્ષ માં એડમીશન માટે જીટીયુને ૪૦૦ અરજીઓ મળી છે. જેમાંથી મેરિટ પ્રમાણે ૩૦ બેઠકો ભરવામાં આવશે. વિદ્યાર્થીઓને ડેટા માઈનિંગ અને ડેટા એનાલીસીસનો અભ્યાસ કરવામાં આવશે.

**પંચમહાલ સમાચાર**
દ્વારા આયોજીત
**ગરબા મહોત્સવ**
કોરોના કાળમાં ઘરે બેઠા કરો
PMS NEWS સાથે ગરબાની ઉજવણી.
– ગરબાના વિવિધ સ્ટેપ સાથેનો ૨ મિનિટનો વિડીયો મોકલી જીતો વિવિધ ઈનામો.
– ગરબાનો વિડીયો તા.૧૭/૧૦/૨૦૨૦ થી ૨૫/૧૦/૨૦૨૦ માં મોકલવાનો રહેશે.
– મોકલેલ વિડીયોમાં સૌથી વધુ દર્શકો ધરાવનાર વિડીયોને મળશે પ્રથમ ઈનામ.
– ઘરે બેઠા ગરબા રસીકોને ઈનામો જીતવાની સોનેરી તક.
– PMS NEWS દ્વારા ઈનામો આપવામાં આવશે.
૧. પ્રથમ ઈનામ - ૫૦૦૧/-
૨. દ્વિતિય ઈનામ - ૩૦૦૧/-
૩. તૃતિય ઈનામ - ૨૦૦૧/-
વિજેતાના નામ તા.૩૧/૧૦/૨૦૨૦ શરદપૂનમ ના દિવસે રાત્રે ૮:૦૦ કલાકે જાહેર થશે.
આપનો વિડીયો આ Whatss app નંબર ઉપર મોકલો ૯૦૫૪૪૨૫૧૦૦.
નોંધ : વિડીયો મોકલનારનું નામ, શહેર અને જીલ્લો લખીને મોકલાવો.

## મહારાષ્ટ્રમાં સરકારની પરવાનગી વગર CBIને 'નો એન્ટ્રી'

મુંબઈ,

મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સીબીઆઈને આપેલી જનરલ (ખુલ્લી કે સામાન્ય) પરમિશન પાછી ખેંચી લીધી હતી. હવે સીબીઆઈ ટીઆરપી મુદ્દે મહારાષ્ટ્રમાં તપાસ નહીં કરી શકે.



ઉત્તર પ્રદેશમાં અજ્ઞાત ટીવી ચેનલ્સ સામે ટીઆરપીના મુદ્દે ગોલમાલ કરવાના કેસની તપાસ સીબીઆઈ કરી રહી હતી. ઉદ્ધવને એવી શંકા હતી કે સીબીઆઈ આ મુદ્દે મહારાષ્ટ્રમાં પણ તપાસ કરશે. ઠાકરે સરકાર ઈચ્છતી નથી કે સીબીઆઈ ટીઆરપી મુદ્દે મહારાષ્ટ્રમાં તપાસ કરે. મહારાષ્ટ્રમાં સીબીઆઈની હાજરીને ઉદ્ધ દખલગીરી સમાન સમજે છે.

મુંબઈ પોલીસે છઠ્ઠી ઓક્ટોબરે એક એફઆઈઆર નોંધ્યા પછી એવો આક્ષેપ કર્યો તો કે રિપબ્લિક સહિત કેટલીક ટીવી ચેનલ્સ ટીઆરપીના મુદ્દે ગોલમાલ આચરે છે. રિપબ્લિક ટીવીએ મુંબઈ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા જ્યાં તેમના વતી ધારાશાસ્ત્રી હરીશ સાલ્વેએ આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવાની માગણી કરી હતી. પરંતુ એ વિશે હાઈકોર્ટ કોઈ આદેશ આપે એ પહેલાં ઉદ્ધવે સીબીઆઈને આપેલી જનરલ પરમિશન પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી.

અત્રે એ નોંધવું જોઈએ કે કેન્દ્ર સરકાર અને ભાજપ બંને આ ટીવી ચેનલ્સના સમર્થનમાં આગળ આવ્યા હતા અને મુંબઈ પોલીસની તપાસને મિડિયા સ્વાતંત્ર્ય પરના હુમલા સમાન ગણાવી હતી. આ કેસમાં મુંબઈ પોલીસે છ જણની ધરપકડ કરી હતી અને તેમના નિવાસસ્થાનોમાં પણ તપાસ કરી હતી જ્યાં સંબંધિત ટીવી ચેનલ્સે ઉચ્ચ રેટિંગ માટે સેંપલ સેટ લગાડ્યા હતા.

અત્યાર અગાઉ સીબીઆઈએ મુંબઈ પોલીસ પાસેથી અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતના અકાળ અવસાનની તપાસ લઈ લીધી હતી. ત્યારથી ઉદ્ધવ અકળાયેલા હતા. મુંબઈ પોલીસે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા અને સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસ સોંપવાનો આદેશ આપ્યો હતો. બુધવારે ઉદ્ધવ ઠાકરેએ લીધેલા આ નિર્ણય પછી હવે સીબીઆઈએ મહારાષ્ટ્રમાં કોઈ કેસની તપાસ કરવી હોય તો મહારાષ્ટ્ર રાજ્ય સરકારની પરવાનગી લેવી પડશે.

મહારાષ્ટ્રે પહેલાં પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને છત્તીસગઢની સરકારો પણ આવા નિર્ણય લઈ ચૂકી છે. આ વર્ષે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ સીબીઆઈ પર પ્રતિબંધ લગાવી દીધો છે. છત્તીસગઢ સરકારે ૧૦ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સીબીઆઈ પાસેથી જનરલ કન્સેન્ટ પાછી ખેંચી લીધી હતી. થોડાક મહિના પહેલાં રાજસ્થાનની ગેહલોત સરકારે પણ આ જ નિર્ણય લીધો હતો.

## તાઈવાનના રોકાણથી ભારતમાં ૬૫,૦૦૦ લોકોને નોકરીઓ મળી: તાઈવાનના વિદેશ મંત્રી

તાઈપેઈ,

ચીનની નારાજગીની પરવા કર્યા વગર ભારત તાઈવાન સાથે સબંધો સુધારવા માટે એક પછી એક પગલા ભરી રહ્યુ છે.ભારતે તાઈવાન સાથે એક અલગ દેશ તરીકે ટ્રેડ ડીલ કરવા માટે વિચારણા શરુ કરી છે ત્યારે તાઈવાનના વિદેશ મંત્રી જોસેફ વુએ એક મહત્વનુ નિવેદન આપ્યુ છે.




ભારત અને તાઈવાનના સબંધો માટે તેમણે કહ્યુ છે કે, ૨૦૧૬થી તાઈવાન ભારત સાથેના સબંધો ગાઢ બનાવવા માટે પ્રયાસો કરી રહ્યુ છે.બંને દેશના લોકો વચ્ચે સબંધો સુધરે તે માટે પણ અમે ભાર મુકી રહ્યા છે.એક ન્યૂઝ ચેનલને આપેલી મુલાકાતમાં વુએ કહ્યુ હતુ કે, ભારત અને તાઈવાન વચ્ચે સ્વાસ્થ્ય, કૃષિ અને શિક્ષણ ક્ષેત્રમાં સહયોગની દિશામાં સારી પ્રગતિ થઈ છે.ભારતમાં તાઈવાનનુ રોકાણ વધી રહ્યુ છે.હાલમાં તાઈવાનનુ રોકાણ ૧૬૦૦૦ કરોડ રુપિયા જેટલુ છે.જેનાથી ભારતમાં ૬૫૦૦૦ લોકોને રોજગારી મળી છે.આ સારી ગુણવત્તાવાળી નોકરીઓ છે અને તાઈવાન ભારતમાં રોકાણ કરવાનુ ચાલુ રાખશે.

તેમણે કહ્યુ હતુ કે, જો ભારત સરકાર તાઈવાન સાથે વેપારી સબંધો સુધારવા માટે વધારે પ્રયાસ કરશે તો બંને દેશના આર્થિક સબંધોમાં વધારે મજબૂતી આવશે.તાઈવાનના ઘણા રોકાણકારો ચીનમાંથી ભારતમાં સ્થળાંતર કરી રહ્યા છે. રોકાણકારો હંમેશા અનુકુળ જગ્યાઓ પસંદ કરતા હોય છે.એ હિસાબે તાઈવાનના રોકાણકારો અમેરિકા, સાઉથ ઈસ્ટ એશિયાના દેશો કે પછી ભારતમાં રોકાણ કરશે.કારણકે તેમને લાગે છે કે, આ દેશો તાઈવાનના મિત્ર છે અને તેમને અહીંયા અનુકુળ વાતાવરણ મળશે.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં ૬ કલાકમાં ભૂકંપના ૧૦ આંચકા

રાજકોટ,



સૌરાષ્ટ્ર-કચ્છમાં ૬ કલાકમાં ભૂકંપના ૧૦ આંચકા આવતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. પોરબંદર નજીક ૭, જામનગરના લાલપુરમાં ૨ અને કચ્છમાં ધરતીકંપ આવતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. જોકે ભૂકંપના આંચકાથી શહેરમાં કોઈ નુકસાન પહોંચ્યું નથી. જામનગર અને પોરબંદરમાં ૨.૪થી ૧.૭ની તીવ્રતાનો ધરતીકંપ અનુભવાયો હતો.

૧૬ જુલાઈએ રાજકોટમાં ૪.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકા અનુભવાતાં લોકો ઘરોની બહાર દોડી આવ્યા હતા. રાજકોટથી અંદાજે ૨૨ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટના કોટડાસાંગાણી તાલુકામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. વહેલી સવારે આવેલા ભૂકંપને કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિકો ઘરની બહાર દોડી આવ્યા હતા. અંદાજિત ૪ સેકન્ડ સુધી ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
**એન. ડી. રાઠોડ**
મુ. મોટીકાંટડી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
**મોટીકાંટડી અ. સ. મં. લી**
મુ. મોટીકાંટડી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
**સાલીયા સેવા સ. મંડળી**
મુ. સાલીયા, તા. મોરવા (હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
**એન. એફ. માલીવાડ**
મુ. કેલોદ, તા. મોરવા (હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તારના પરથમપુર ગામની પ્રિન્સા માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બન્યો આશીર્વાદરૂપ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

બાળકોના આરોગ્ય સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટેના કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્ય સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હર હંમેશાં તત્પર રહે છે. ત્યારે જરૂરિયાતમંદ બાળકોને પૂરતી સહાય અને સારવાર આપી અનેક બાળકોના પરિવારમાં ખુશાલી આવી છે એવા જ ઉંડાણ અને અંતરીયાળ આદિજાતિ વિસ્તારમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં ખેતમજુરી કરીને જીવન ગુજરાન ચલાવતા પરીવારના બાળકનું લાખોના ખર્ચે થતું જન્મજાત કપાયેલા હોઠ–તાળવાનું ઓપરેશન નિઃશુલ્ક થતા પરીવારમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

પરથમપુર ગામના નવીનભાઈ બારીયા જણાવે છે કે, તેઓ ગામમાં ખેતમજુરી કરી જીવન ગુજરાન ચલાવે છે તેમને એક દિકરી છે પ્રીન્સા. તેના જન્મ સમયે ઘરમાં ઘણોજ આનંદ હતો. પરંતુ જ્યારે એ જાણવા મળ્યુ કે,મારી દિકરીના હોઠ–તાળવું કપાયેલુ છે તે જાણી અમને ઘણુંજ દુઃખ થયું તેને સારુ કરવા મુજ ગરીબને ક્યાંથી પૈસા મળશે અને મને કોણ સહાય કરશે એ જ વિચારમાત્રથી મારૂ હદય કંપી ઉંઠ્યું. તેવા કપરા સંજોગોમાં આ દિકરી વિશે આર. બી. એસ. કે ના ડો.શૈલેષ નિજાનંદી અને ડો.કોમલ નાયકની તપાસ દરમ્યાન જાણ થતા તેમની ટીમે તાત્કાલીક અમારા ઘરની મુલાકાત લીધી.

મારી દિકરીને આંગણવાડીમાં આર.બી.એસ.કે ટીમની તપાસ બાદ તેને લઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–ગાડીયા ખાતે તપાસ કરાવી અને વધુ સારવાર માટે સંતરામપુર સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલમાં લાવ્યા હતા. ત્યાર બાદ તેને ઓપરેશનની જરુર જણાતા વડોદરાની કાશીબા ચિલ્ડ્રન હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં મારી બાળા પ્રિન્શાનુ ઓપરેશન કરવામાં આવેલ હતું. હાલમાં મારી દિકરીના કપાયેલા હોઠ તાળવાના સફળ ઓપરેશનને બાર માસથી વધુનો સમય થયો છે. હાલમાં તે સ્વસ્થ તંદુરસ્ત અને હસતી રમતી થઇ ગઇ છે.

સરકારના આરોગ્ય વિભાગ દવારા ચાલતા શાળા આરોગ્ય– રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અમને લાભ મળ્યો છે. અંદાજે એક થી દોઢ લાખના ખર્ચે થતું હોઠ અને તાળવાનું સફળ ઓપરેશન કોઈપણ જાતના ખર્ચ વિના તેમજ આરોગ્યના કર્મચારીઓના સાથ અને સહકારથી થતા આ આરોગ્ય સેવા મળી તે બદલ હું સરકારનો ઋણી છું. શાળા આરોગ્ય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ન હોત તો મુજ ગરીબ ખેતમજુર પરીવારની આ બાળકીને આજીવન આ જન્મજાત ખામી સહન કરવી પડતી, જેના વિચાર માત્રથી મારું હૃદય કંપી ઉઠે છે. પરંતુ આ કાર્યક્રમથી મારી દિકરીની આ જન્મજાત ખામી દૂર થતા તે સારુ જીવન જીવી શકશે.

સરકારની આ યોજનાથી મારી પ્રીન્સા આજે બીજા બાળકોની જેમ સ્વસ્થ જીવન જીવી રહી છે. તે માટે હું સંવેદનશીલ રાજ્ય સરકારનો અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સભ્યોનો હૃદય પૂર્વક આભાર માનું છું. તથા ભવિષ્યમાં અમારા જેવા અનેક લાભાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

## લુણાવાડામાં પાલિકા પ્રમુખ સહિત ચાર સભ્યોને BJP માંથી સસ્પેન્ડ કરાયા

લુણાવાડા,

લુણાવાડા નગરપાલિકાની પ્રમુખ–ઉપપ્રમુખની ચુંટણી ૨૪ ઓગષ્ટાના રોજ યોજાઈ હતી. જેમાં બીજેપીના બળવાખોર કોર્પોરેટરો અને કોંગ્રેસના સહયોગની એનસીપી માંથી ચુંટાયેલા બિન્દાબેન શુકલ પ્રમુખ બન્યા હતા. જયારે આ બાબતે મહિસાગર જિલ્લા પ્રમુખ જે.પી.પટેલ દ્વારા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને રજુઆત કરવામાં આવતા પ્રદેશ પ્રમુખ દ્વારા મેન્ડેડનો અનાદર કરી શિસ્તભંગ કર્યા હોવાથી તા.૨૮/૦૯/૨૦૨૦ના રોજ ચાર કોર્પોરિટરોને નોટિસ મોકલી સાત દિવસમાં ખુલાસો માંગ્યો હતો. પરંતુ સાત દિવસમાં ખુલાસો કે બચાવ માટેના કોઈ કારણ ન દર્શાવતા તા.૨૧ ઓકટો.૨૦૨૦ના રોજ નગરપાલિકાના કોર્પોરિટર કેતનકુમાર કુલાભાઈ ડોડિયાર, જયશ્રીબેન નરેન્દ્રકુમાર ડાભી, બિન્દાબેન નિલજકુમાર શુકલ તથા હિનાબેન મુકેશભાઈ ભોઈ સહિત ચાર કોર્પોરિટરોને બીજેપી પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વધુમાં જયારે પ્રમુખ બિન્દાબેન શુકલ એનસીપી માંથી ચુંટાયા બાદ બીજેપીના સક્રિય સભ્ય બન્યા હોવાથી સસ્પેન્ડ કરવામાં આવતા લુણાવાડા નગરમાં રાજકિય ભુકંપ સર્જાયો હતો.

## કડાણા તાલુકામાં છેલ્લા ૧૫ દિવસથી પીવાનું પાણી ન મળતા લોકો ત્રાહિમામ

દિવડાકોલોની,

મહિસાગર જિલ્લાના અધિકારીઓમાં સંકલનના અભાવે કડાણા તાલુકાના ૧૬ ગામો પાછલા ૧૫ દિવસથી પાણી માટે વલખા મારી રહ્યા હોવાનુ જોવા મળી રહ્યુ છે. ત્યારે લુણાવાડા–દિવડા રસ્તાની કામગીરીમાં પહેલા ૬૦ દિવસ માટે સિંચાઈનુ પાણી બંધ થયુ અને હવે ૧૫ દિવસથી પીવાનુ પાણી ન મળતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાથી દિવડાકોલોની માર્ગ ઉપર પાછલા કેટલાંક મહિનાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં વર્ષો બાદ દિવડાકોલોનીથી લઈને લુણાવાડા તરફ જતા માર્ગનુ નવીનીકરણ થઈ રહ્યુ છે. તેવામાં રોડ બનાવવાની કામગીરી દરમિયાન ખોદકામ કરતા પાણી પુરવઠાની વર્ષો જુની પાઈપ લાઈનમાં ભંગાણ થતાં કડાણા તાલુકાના આશરે ૧૬ ગામના લોકો છેલ્લા ૧૫ દિવસથી પાણી માટે વલખા મારી રહ્યા છે. તેવામાં રસ્તાની કામગીરી દરમિયાન સંઘરી નજીક ૧૫ દિવસ પહેલા પાણી પુરવઠાની લાઈનમાં ભંગાણ થતા કડાણા તાલુકાના પશ્રિમ વિસ્તારના લોકો છેલ્લા કેટલાંય દિવસથી પાણી માટે હેરાન પરેશાન થઈ રહ્યા હોવાનુ જાણવા છતા પણ પાણી પુરવઠા અધિકારીઓના પેટનુ પાણી હાલતુ નથી. ત્યારે આ કામમાં અધિકારીઓ દ્વારા સંકલન રાખી પ્રથમ પાણીની સમસ્યા હલ થાય તે પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી હોત તો આજે ૧૫ દિવસથી તાલુકાના લોકોને પાણી માટેની મુશ્કેલીઓ ના વેઠવી પડતી. એકબાજુ સરકાર દ્વારા ગામે ગામ ઘરે– ઘરે પાણી પહોંચાડવાના વાયદા કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી બાજુ સરકારના પ્રજાલક્ષી કામોમાં સરકારી તંત્ર જ બેદરકારી દાખવી રહ્યા હોવાનુ જણાતા રોષ જોવા મળી રહ્યો છે.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ નોંધાયા



લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૧, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨–૧૦–૨૦૨૦ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૨૪૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ જયારે લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧૩૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૬૫૯૦૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૮ દર્દી હોમ આઇસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૦ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## મહીસાગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ પુસ્તક સંકલન અંગે બેઠક યોજાઈ

લુણાવાડા,

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર દ્વારા મહીસાગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસ અંગેનું સાહિત્ય તૈયાર કરવાની સુચના મુજબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર દ્વારા જિલ્લાના કેળવણીનો ઈતિહાસ પુસ્તકનું સંકલન કરવામાં આવી રહ્યું છે.તેને અનુલક્ષી ડાયટ આચાર્ય ડો. એ.વી.પટેલના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની સમીક્ષા બેઠક લુણાવાડા ડો.પોલન સ્કૂલ ખાતે યોજાઈ હતી.

આ કેળવણીનો ઈતિહાસ પુસ્તક અંગે માહિતી આપતા ડાયટ આચાર્યએ જણાવ્યું હતું કે, કેળવણી અંગેની જિલ્લાની ધરોહરને વધુઉજાગર કરી શકાય તે માટે રસ ધરાવતાતમામને ટૂંકાગાળામાં સંદર્ભ સાહિત્ય કચેરીનો સંપર્કકરીમોકલીઆપવાઅપીલ કરી હતી.આ બેઠકમાંમહીસાગર જિલ્લાનો કેળવણીનો ઈતિહાસના માટે પ્રાપ્ત સાહિત્યનું સંકલન અને સમીક્ષા તેમજ પુસ્તક નિર્માણ આયોજન અંગે સમિતિના સભ્યોએ વિસ્તૃત સંવાદ સાધ્યો હતો તેમજ કેળવણીનાઈતિહાસ અંગેના ઉપલબ્ધ સાહિત્ય તેમજ સંદર્ભ પુસ્તકો એકત્ર કરી માહિતીસભર પુસ્તક નિર્માણ અંગે આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા માહિતી વિભાગ, કેળવણીકારો, સાહિત્યકારો, ઈતિહાસ અંગે જાણકારો અને શિક્ષકોકોવિડ ગાઈડલાઈન અનુસરી ઉપસ્થિત રહ્યા હતા.

## મહિસાગર જીલ્લાના સ્વરાજયના એકમ જિલ્લા તથા તાલુકા પંચાયતોની મતદાર યાદી બાબત

લુણાવાડા,

ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ૧૭, ૧૮ તથા કલમ–૨૦ મુજબ જિલ્લા/ તાલુકા પંચાયતોની ચૂંટણી માટે જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભાની મતદાર વિભાગની અમલમાં હોય તેવી મતદારયાદીઓ ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતોની મતદારયાદી તૈયાર કરી પ્રસિદ્ઘ કરવાની રહે છે.

સને–૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે જિલ્લાની જિલ્લા તથા તાલુકા પંચાયતોની મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ તા.૦૯/૧૦/૨૦૨૦ના રોજ કરવામાં આવી છે ઉક્ત કાર્યક્રમ મુજબ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ તા.૨૩/૧૦/૨૦૨૦ના રોજ નિયત થયેલ છે. રાજય ચૂંટણી આયોગના જાહેરનામા ક્રમાંક:રાચઆ/ચટણ/મ.કા./૧૦(૪)/૧૦૨૦૨૦–ક, તા.૧૨/૧૦/૨૦૨૦ થી નગરપાલિકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ કે જે નવેમ્બર–૨૦૨૦માં યોજવાની થાય છે.

ઉકત ચૂંટણીઓ આગામી ત્રણ માસ સુધી મુલત્વી રાખવા નિર્ણય કરેલ છે. તેથી રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃરાચઆજિ.તા.પં./ મતય–૩/ પાર્ટ–૨/ ૦૯૨૦૨૦–ક/૧૩૪૬૨–૧૩૫૨૮, તા.૨૧/૦૯/૨૦૨૦ થી આપવામાં આવેલ કાર્યક્રમ મુજબ દાવા અરજીઓ રજૂ કરવાની છેલ્લી તારીખ, દાવા અરજીઓ અન્વયે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ અને મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હવે પછી નવેસરથી નક્કી કરવા તા.૧૯/૧૦/૨૦૨૦ના આદેશથી જણાવેલ હોઈ સ્વરાજયના એકમોની મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ હવે પછી નક્કી કરવામાં આવનાર છે. જેની સર્વે જાહેર જનતાને નોંધ લેવા મહીસાગર–લુણાવાડાના રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકરે એક યાદી દ્વારા જણાવ્યું છે.

## હાલોલ તાલુકાના ઢીકવા ગામ પાસેથી ઈન્ડીકા ગાડીમાં લઈ જવાતા ૨૬ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના ઢીકવા ગામ તરફ પાવાગઢ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ઈન્ઠીકા ગાડીને રોકી ચેકીંગ કરતા ગાડીમાંથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૬૦ કિંમત ૨૬,૧૦૦/–રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ઢીકવા ગામ તરફ રસ્તા તરફ પાવાગઢ પોલીસ પેટ્રોલીંગ હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ઈન્ડીકા ગાડી નંબર જીજે.૦૬.ડીબી.૦૧૨૦ને ઝડપી પાડી હતી. ગાડીનું ચેકીંગ કરતાં તેમાંથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૬૦ કિંમત ૨૬,૧૦૦/–રૂપીયા ગાડી મળી ૧,૨૬,૧૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે પ્રવિણ હિંમતીયાભાઈ સાવલીયા રહે.સજજનપુર તા.અલીરાજપુર (એમ.પી.)ને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ધાનપુરના ગડવેલ બસ સ્ટેન્ડ પાસેથી આંગણવાડીમાં ફળવાતી પોષણયુક્ત ખોરાકની બેગો રસ્તે રઝળતી જોવાઈ

ધાનપુર,

ધાનપુર તાલુકાના ગડવેલ બસ સ્ટેશન પાસે આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા બાલશકિત, માતૃશકિત, પુર્ણશકિત જેવા વિવિધ પોષણયુક્ત ખોરાકના બેગો ત્રણ –ચાર દિવસથી રસ્તે રઝળતી જોવા મળી હતી.

ધાનપુર તાલુકામાં ગડવેલ બસ સ્ટેશન પર જ આવી બિનવારસી રસ્તે રઝળતી પોષણયુક્ત બેગો પડેલી જોવા મળતા ગામલોકોએ જાણ કરી હતી. જે તે એજન્સી સપ્લાય એજન્સી ત્યાં જે તે આંગણવાડીના ઘટક પર આ પેકેટ પહોંચાડવાના હોય છે. ત્યારે આ બિનવારસી રસ્તે રઝળતા નાસ્તાના પેકેટો જ્યાં મળી આવ્યા છે ત્યાં નજીકના ઘરેથી આ અંગેનુ એક બિલ પણ મળી આવ્યુ હતુ. જેમાં નાસ્તાના ત્રણ પ્રકારના પેકેટ જોવા મળી આવ્યા હતા. જેમાં રિસીવર તરીકે સહિ પણ કરેલી હોઈ તેમજ બાલશકિત ૫૦૦ ગ્રામની ૨૦ પેકેટની ૭ બેગ તથા માતૃશકિત એક કિલોના ૧૦ પેકેટની ૨ બેગ તથા પુર્ણશકિત એક કિલોના પેકેટના ૭ પેકેટની ૭ બેગ આ બિલમાં દર્શાવેલી જોવા મળી હતી. ત્યારે કુલ ૧૬ બેગો થાય છે. ત્રણ–ત્રણ દિવસ થયા હોવા છતાં ૮ બેગ ત્રણ દિવસથી મુખ્ય રસ્તાની સાઈડમાં જ બિનવારસી હાલતમાં પડી રહી છે. ત્યારે જવાબદાર અધિકારીઓ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, જે તે આંગણવાડીના ઘટક પર પહોંચાડવા માટે એજન્સીની જવાબદારી હોય છે તેમ જણાવ્યુ હતુ.

## દાહોદ કસ્બા વિસ્તારમાં આઈપીએલ મેચમાં સટ્ટો રમાતો હોવાની બાતમીના આધારે રેડ કરી પાંચ ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ કસ્બા જુના વણકરવાસ અલમહેમુદ મસ્જીદ સામે ખુલ્લા આઈપીએલ મેચ પર સટ્ટો રમતાની બાતમી ડી.વાય.એસ.પી.શૈફાલી બારવાલને મળી હતી. જેના આધારે છાપો મારતા જાહેરમાં મોબાઈલ ફોનમાં ક્રિકેટ માઝા એપ્લિકેશનમાં રાજસ્થાન તથા ચેન્નઈ વચ્ચે રમાતી આઈપીએલ ક્રિકેટ મેચ પર હારજીતનો સટ્ટો રમતા વ્યકિતઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમાં કસ્બામાં કલાલ ઝાપાના કાળિયા રશીદ મલેક, જુના વણકરવાસના નિસાર રફિક ભુલા, રિયાસત શફી કુરૈશી, ચુનુસ મોહંમદ કુરૈશી, મો.રફિક અ.મજીદ કુરૈશીને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા વ્યકિતઓ પાસેથી ૩૩,૦૦૦ ની કિંમતના પાંચ મોબાઈલ ૨,૪૧૫ રૂ.નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે સ્થળ પરથી પકડાયેલ પાંચ વ્યકિતઓ તેમજ ફરાર રીઝવાન હારૂન પટેલ અને સલમાન હારૂન પટેલ મળી કુલ સાત સામે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દેશમાં ૨૪ કલાકમાં ૫૫,૮૩૮ નવા કેસ નોંધાયા, ૭૦૨ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ પૂર ઝડપે ફેલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૫૮૩૯ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૭૭૦૬૯૪૬ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૯૪૧૫ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૬૮૭૪૫૧૮ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૭૧૫૮૧૨ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૭૦૨ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૧૬૬૧૬ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૮૯.૧૯ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૧૨૨૬૯૩૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૧૩૧૨૯૯ લોકોના મોત નિપજયા છે જ્યારે ૨૮૧૧૯૪૪૮ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૧૯૭૬૧૮૫ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## દેશી કોરોના રસીના અંતિમ ટ્રાયલને મંજૂરી, ભારતમાં ફેબ્રુઆરીમાં જ આવી જશે Covaxin!



ન્યુ દિલ્હી,

દેશી કોરોના રસીનું અંતિમ તબક્કાનું ટ્રાયલ આવતા મહિને શરૂ થઈ શકે છે. ભારત બાયોટેકને ડ્રગ રેગ્યુલેટર તરફથી ત્રીજા તબક્કા માટે ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે. ડીજીસીઆઈની એક્સપર્ટ કમિટીની મંગળવારે મીટિંગ યોજાઈ હતી. તેમાં રસીના અંતિમ ટ્રાયલને મંજૂરી મળી ગઈ. ડીજીસીઆઈએ પ્રોટોકોલમાં 'થોડુંક સંશોધન' કર્યું છે. ભારતમાં રસીના ટ્રાયલમાં ૨૫ હજારથી વધુ લોકો સામેલ થાય તેવી સંભાવના છે. તેમણે ૨૮ દિવસના અંતરાલ પર રસીના બે ડોઝ અપાશે. શરૂઆતના ટ્રાયલમાં રસીના પરિણામોએ આશા જગાવી છે. કોવેક્સિન પહેલી સ્વદેશી કોરોના વાયરસ રસી છે. તેને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની સાથે મળીને બનાવી છે.

કમિટીની એક મીટિંગ ૫ ઑક્ટોબરના રોજ થઈ હતી. તેમાં કંપનીને ત્રીજા તબક્કાના ટ્રાયલના પ્રોટોકોલને ફરીથી સબમિટ કરવા માટે કહ્યું હતું. કમિટીનું માનવું હતું કે તબક્કા-૩ સ્ટડીની ડિઝાઈન તો સંતોષજનક હતી. પરંતુ તેની શરૂઆત તબક્કા-૨ના સેફટી અને ઈમ્યુનોજેનિસિટી ડેટામાંથી યોગ્ય ડોઝ નક્કી કર્યા બાદ થવું જોઈએ. કમિટીએ ફર્મ પાસે પહેલાં એ ડેટાની માંગણી કરી હતી.

ભારત બાયોટેકનો પ્લાન છે કે કોવેક્સિનનું અંતિમ ટ્રાયલ દિલ્હી સિવાય ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, પંજાબ અને અસમમાં કરાયું. કંપની ફેબ્રુઆરી સુધીમાં ફાઈનલ ટ્રાયલના રિઝલ્ટસ આવવાની આશા કરી રહ્યું છે. ત્યારબાદ અપ્રૂવલ અને માર્કેટિંગની પરમિશન માટે એપ્લાય કરાશે.

ભારત બાયોટેકે પોતાની કોવિડ રસીમાં **Alhydroxiquim-II** નામનું અજુવંટ જોડ્યું છે. આ વેક્સીનના ઈમ્યુન રિસપોન્સને શ્રેષ્ઠ કરશે અને તેનાથી લાંબા સમય સુધી કોરોનાથી સુરક્ષિત રહેશે. અજુવંટ એક એવું અજેંટ હોય છે જેને ઉમેરવા પર રસીની ક્ષમતા વધી જાય છે. રસી આપ્યા બાદ શરીરમાં વધુ એન્ટીબોડીઝ બને છે અને લાંબા સમય સુધી ઈમ્યુનિટી મળે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૩-૧૦-૨૦૨૦, શુક્રવાર, આસો સુદ-૭, સૂર્યોદય-૬-૪૭, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૭-૩૪, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: ઉત્તરાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૦૮ થી ૧૨-૫૪, ૬-૪૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૫ સુધી, ૧૨-૩૧ થી શુભ-૧૩-૫૭ સુધી, ૧૬-૪૮ થી ચલ-૧૮-૧૪ સુધી, ૨૧-૨૩ થી લાભ-૨૨-૫૭ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૮થી ૯-૩૯ સુધી,૧૦-૩૭થી ૧૧-૩૪ સુધી,૧૩-૨૮થી ૧૬-૨૭ સુધી,૧૭-૧૭ થી ૧૮-૧૪ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૩.૧૦.૨૦૨૦ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- અટકતા કાર્યોને વેગ મલવાનો છે અપરણીતાને સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા મલવાની.

વૃષભ (બ.વ.ઉ.) :- કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો. આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું ઉધારીથી દૂર રહેજો.

મિથુન (ક.છ.ઘ.) :- નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય. વિલવારસાના પ્રશ્નોમાં સફળતા મલવાની પ્રવાસમાં સફળતા.

કર્ક (ડ.હ.) :- બિનજરૂરી ખર્ચાઓથી દૂર રહેજો મહત્વના કાર્ય બાબત પરિવાના સભ્યો સાથે ચર્ચા થાય.

સિંહ (મ.ટ.) :- મહેનતનું ફળ મલવાનું, આવક વધારવાના પ્રયત્નો ફળવાના અંધ શ્રધ્ધાથી દૂર રહેજો.

કન્યા (પ.ઠ.ણ.) :- વધુ પડતા અધીરા ન બનતા. શેટ સટ્ટાથી દૂર રહેજો. નોકરીમાં કાર્યભાર રહેવાનો.

તુલા (ર.ત.) :- નોકરી ધંધામાં સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો નવું સાહસ કરવાથી દૂર રહેવાની સલાહ છે.

વૃશ્ચિક (ન.ય.) :- એકદમ આગળ વધી જવાની જરૂર નથી ધીરજ રાખો સંતાનોનો સાથ સહકાર રહેવાનો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- વધુ પડતા સંવેદનશીલ ન બનો. ઉપરી વર્ગને સમજવાની કોશીષ કરો. આર્થિક લાભ પણ મલવાનો.

મકર (ખ.જ.) :- બીજાઓની અપેક્ષાઓ વધવાની છે. જેનું તમારે ધ્યાન રાખવાનું છે નોકરીમાં કોઈ પરિવર્તન રહે.

કુંભ (ગ.શ.સ.) :- વીજાતીય વ્યકિતનો સહકાર મલવાનો છે મિલ્કતના પ્રશ્નોમાં સફળતા મેળવશો. કર્જમાં રાહત રહે.

મીન (દ.ચ.ઝ.) :- હિસાબ કિતાબમાં ધ્યાન આપો. નોકરીમાં કોઈ અપેક્ષા ફળવાની કાર્યભાર પણ રહેવાનો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ઝાલોદ નગરપાલિકા પ્રમુખ પદની ચૂંટણીમાં સત્તા ગુમાવનારાઓના ઈશારાઓના ઉલ્લેખ

## ઝાલોદ પાલીકા પ્રમુખ સમેત ૧૫ સદસ્યો દ્વારા હિરેનભાઈની હત્યા બાદ હવે અમો પણ ભય અનુભવી રહ્યા હોવાની લેખીત રજુઆતમાં સ્ફોટક ધડાકો!

ઝાલોદ,

ઝાલોદ ન.પાલીકાના સદસ્ય હિરેન પટેલના હાઈપ્રોફાઈલ સોપારી કિલર મર્ડર કેસના દાહોદ જિલ્લા પોલીસ તંત્રના તપાસોના ધમધમાટ વચ્ચે આજરોજ ઝાલોદ પાલીકાના પ્રમુખ સમેત ૧૫ સદસ્યોએ દાહોદ જિલ્લા પોલીસ વડાને સુપ્રત કરેલ લેખિત રજુઆતમાં અમારા લોકપ્રિય સદસ્ય હિરેન પટેલની હત્યા બાદ અમારા ઉપર પણ ગંભીર જોખમ છે અને હિરેન પટેલની હત્યા પાલીકા પ્રમુખ પદની ચુંટણીમાં સત્તાઓ ગુમાવનારાઓના જ ઈશારે કરવામાં આવી હોવાના ઉલ્લેખ સાથે કરવામાં આવેલ આ રજુઆતથી ઝાલોદ નગર સમેત દાહોદ જિલ્લાના રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે, અને હિરેન પટેલની હત્યા એ રાજકીય હત્યા હોવાનુ ઝાલોદ પાલીકાના પ્રમુખ સમેત ૧૫ સદસ્યોએ આ દિશામાં સ્પષ્ટ અંગૂલી નિર્દેશ કરતા સમગ્ર પ્રકરણમાં ભારે ગરમાવો આવ્યો છે.

ઝાલોદ ન.પાલીકાના પ્રમુખ સોનલબેન ડીંડોર, ઉપપ્રમુખ નંદાબેન વાઘેલા સમેત સત્તાધારી ૧૫ સદસ્યો દ્વારા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને ઉદ્દેશીને આપવામાં આવેલ આ લેખીત પત્રમાં પાલીકા સદસ્ય હિરેન પટેલની નિર્મમ હત્યા જેવો બનાવ અમારી સાથે પણ બનવાની શકયતાઓ હોઈ ઉંડાણપૂર્વક તપાસ કરીને અમારા, સૌ-કોઈના જાન માલનું રક્ષણ કરવાનો અનુરોધ કર્યો છે. એમાં હિરેન પટેલની એકલતાનો લાભ લઈને પૂર્વ યોજીત આ હત્યાના કાવતરા સંદર્ભમાં વ્યકત કરવામાં આવેલા ભયમાં ઝાલોદ ન.પાલીકાના સત્તાધારી પક્ષના ૧૫ સદસ્યોએ જણાવ્યું છે કે તા.૨૪ ઓગષ્ટના રોજ યોજાયેલ ઝાલોદ ન.પાલીકાના પ્રમુખ-ઉપ પ્રમુખ પદની ચૂંટણીમાં હિરેનભાઈ પટેલ સાથે અમો બહુમતિ ૧૬ સદસ્યો હતા. એમાં હિરેન ભાઈ પટેલની ભૂમિકા અગ્રેસર હતી અને પ્રમુખ પદની ચૂંટણીમાં અઢી વર્ષો સુધી સત્તાઓ ભોગવનાર સત્તાધીશોની સત્તાઓ છીનવાઈ જતા તેઓ તથા પોલીસ તંત્રના હાથે ઝડપાયેલ ઈસમ અને વોન્ટેડ આરોપીઓ દ્વારા અમો બધાને ખૂલ્લેઆમ ધમકીઓ આપીને કહેતા હતા કે તમારી સત્તાના અઢી વર્ષ પસાર થવા નહીં દઈએ અને તમારી સત્તાઓ ચાલશે પણ નહીં અને સમય અને મોકો મળયે જો એકલ-દોકલ મળી જશો તો પતાવી પણ દઈશું એમ ખૂલ્લેઆમ કહેતા હતા. પરંતુ ઝાલોદ નગરના વિકાસ માટે એકજુથ થયેલા અમો આ ધાક ધમકીઓની ગંભીરતા સમજવાના બદલે ગણકારી ન હતી. પરંતુ તા.૨૭ સપ્ટેમ્બરના રોજ અમારા વોર્ડ નંબર-૫ ના પાલીકા સદસ્ય અને લોકપ્રિય અગ્રણી હિરેન પટેલની કરવામાં આવેલ હત્યાથી અમો સૌ-કોઈ સદસ્યો અને કુટુંબીજનો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે, ત્યારે ભવિષ્યમાં આવી રાજકીય દુશ્મનાવટ-જેવી હત્યાનું પુનરાવર્તન ના થાય અને અમારા ઉપર જીવલેણ હુમલા ના થાય ત્યાં સુધી પુરતુ રક્ષણ આપવુ જોઈએ અને હિરેન ભાઈ પટેલની હત્યા માટે સોપારીના નાણાં કોના દ્વારા અને કોના મારફતે ચૂકવાયા આ સૌ-કોઈની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી છે, અને આ લેખીત અરજીની નકલ ગુજરાતના ગૃહમંત્રી, ગુજરાત પોલીસ વડા અને ગોધરા રેન્જના ડી.જી.પી.ને મોકલવામાં આવી છે.

## હિરેન પટેલ હત્યા કેસના ચાર આરોપીઓના આજે પોલીસ રિમાન્ડ પૂર્ણ થાય આ પૂર્વે જ સ્ફોટક રજુઆત!

ઝાલોદ ન.પાલીકાના સદસ્ય અને લોકપ્રિય નેતા હિરેન પટેલના સોપારી કિલર હત્યાના પર્દાફાશ સાથે ઝડપાયેલા ચાર આરોપીઓના ૭ દિવસોના પોલીસ રિમાન્ડ આવતીકાલે પૂર્ણ થવાના છે. આ દાહોદ પોલીસ તંત્રના ઉચ્ચ સ્તરીય તપાસોના ધમધમાટ વચ્ચે જ હિરેન પટેલ હત્યા પ્રકરણમાં સૌ-પ્રથમ વખત ઝાલોદ ન.પાલીકાના પ્રમુખ સોનલબેન ડીડોર અને ઉપ-પ્રમુખ નંદાબેન વાઘેલા સમેત ૧૫ સદસ્યો દ્વારા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને આપેલ લેકીત રજુઆતમાં હિરેન પટેલની હત્યામાં પાલીકા પ્રમુખ પદની ચૂંટમીઓમાં સત્તાઓ ગુમાવનાર જુથના ઈશારે કરવામાં આવી હોવાના સ્ફોટક આક્ષેપોની કરેલી આ રજુઆતમાં હવે સદસ્યો પણ ભય અનુભવી રહ્યા હોવાનું જણાવ્યું છે. આ સાથે જ ઝાલોદના લોકપ્રિય અગ્રણી હિરેન પટેલની આ રાજકીય અદાવતમાં નિર્મમ હત્યા કરવામાં આવી હોવાના ઈશારો સાથે દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ ગરમાવો આવ્યો છે અને પ્રજાજનો પણ આ સોપારી કિલરો ઝડપથી પકડાઈ જાય એમ ઈચ્છી રહ્યા છે !

## ઝાલોદ પાલીકાના ચીફ ઓફિસરને લખવામાં આવેલ પત્ર સોશ્યિલ મિડીયામાં વાયરલ!

ઝાલોદ ન.પાલીકાના સદસ્ય હિરેન પટેલ હત્યા કેસમાં ફરાર બે આરોપીઓને ઝડપી પાડવાના ગુપ્ત આદેશ સોશ્યિલ મિડીયામાં વાયરલ થયા બાદ આજરોજ આ હત્યા કેસની તપાસના કામો ઝાલોદ ન.પાલીકાના ચીફ ઓફીસરને લખવામાં આવેલ વધુ એક પત્ર સોશ્યિલ મિડીયામાં વાયરલ થતા વધુ એક ગંભીર આશ્ચર્ય એ સર્જાયું છે કે હિરેન પટેલના આ સોપારી કિલર હાઈ પ્રોફાઈલ હત્યાકાંડની અત્યંત ગુપ્ત તપાસના આ પત્ર વ્યવહાર સોશ્યિલ મિડીયામાં વાયરલ થઈ જાય ત્યાં સુધીની આ ઈરાદાપૂર્વકની બેદરકારીઓના આશયના રહસ્યો શું હોઈ શકે છે? આજે વાયરલ થયેલા આ પત્રમાં નાયબ પોલીસ અધિક્ષક કચેરી દાહોદ દ્વારા ઝાલોદ ન.પાલીકાના ચીફ ઓફીસરને ઉદ્દેશીને લખવામાં આવેલા આ પત્રમાં હિરેન પટેલ હત્યા કેસના ગુનાના કામે ફેબ્રુઆરી ૨૦૧૮ થી ઓગષ્ટ૨૦૨૦ સુધી પાલીકાની સામાન્ય સભાઓ તથા કારોબારી સમિતિઓની કાર્યવાહીઓ સાથે ઝાલોદ પાલીકા દ્વારા હાથ ધરવામાં દરેક વિકાસના કામોની વોર્ડના સદસ્યોની યાદિ સાથે કામોની સંપૂર્ણ વિગતો સાથે ઈજારદાર એજન્સીના નામો સાથે દસ્તાવેજી પુરાવાઓ તાત્કાલીક રજુ કરવા જણાવાયું છે. જો કે આ પત્રની નકલ સંલગ્ન અધિકારીઓને પણ મોકલવામાં આવી છે. પરંતુ ઝાલોદ પાલીકાના ચીફ ઓફિસરને લખવામાં આવેલ આ પત્ર આજરોજ એવા સમયે સોશ્યિલ મિડીયામાં વાયરલ થયો છે કે ઝાલોદ પાલીકાના પ્રમુખ સમેત ૧૫ સદસ્યોએ હિરેનભાઈ પટેલની હત્યા કેસમાં સત્તાઓ ગુમાવનાર જુથ તરફ ઈશારો કર્યો છે આજ સમયે આ પત્ર સોશ્યિલ મિડીયાના માધ્યમથી વાયરલ થઈ જાય આ પેરવીઓનો વધુ એક આશયમાં રહસ્યો શું હોઈ શકે છે?

# ગુજરાત રાજયમાં ગુંડા એકટના કાયદો ઘડવામાં આવ્યો છે ત્યારે દાહોદના ભૂમાફિયા સામે કાર્યવાહી થશે તેવી ચર્ચાઓ

દાહોદ,

ગુજરાત રાજયની રૂપાણી સરકાર દ્વારા થોડાક જ દિવસો પુર્વે ભુમાફિયાઓ સામે લાલ આંખ કરી ગુંડા એક્ટ મુજબનોં કાયદો બહાર પાડવામાં આવ્યો છે.અને જમીનો પર કબજો મેળવી પોતાની જાહોજલાલી તેમજ એશો આરામ ફરમાવતા ભુમાફીયાઓ પર લગામ કરસાવાની તૈયારીઓ પણ બતાવવામાં આવી છે.ભુમાફીયાઓ દ્વારા ગરીબો, લાચાર અને બેબસ પરિવારોની જમીનો પર ડરાવી ધમકાવી સરકારી બાબુ સાથે મેળાપીપણું કરી જમીનો પડાવી લેવાના ખેલો ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર બનવા પામેલ છે.અને સાંભળવા પણ મળે છે પરંતુ અવાજ કોણ ઉઠાવે? તેવા યક્ષ પ્રશ્ન સાથે ભુમાફીયાઓની દાદાગીરીઓ અને તેઓની ઉચ્ચસ્તરીય પહોંચને કારણે સમગ્ર મામલો દબાઈ જ જતો હોય છે અને ગરીબ, લાચાર અને બેબસ પરિવાર જમીન, ઘર વિહોણા થઈ જઈ બરબાદ થઈ જતાં હોય છે.ત્યારે આવો જ એક ભુમાફિયા સમાન કિસ્સો દાહોદ જિલ્લામાં સામે આવ્યો છે.અને તે પણ દાહોદ જિલ્લાના પુર્વ ધારાસભ્યના ઉમેદવાર તેમજ નિવૃત ડિ.વાય.એસ.પી.અને દાહોદના નામાંકિત અગ્રણી એવા નગરસિંહ પલાસ ઉપર આ મામલે આંગણી ચિંધાતા સમગ્ર દાહોદ જિલ્લામાં ખળભળાટ સાથે અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

આ સમગ્ર મામલો એવો છે કે, દાહોદ શહેરના ગારખાયા વિસ્તારમાં રહેતી કનાબેન પીદીયાભાઈ નીનામાએ દાહોદ જિલ્લા કલેક્ટર, દાહોદ એસ.પી., પ્રાંત અધિકારી દાહોદ અને ગુજરાતના મુખ્યમંત્રીને સંબોધી આપવામાં આવેલ અને રજુ કરવામાં આવેલ લેખિત અરજીમાં જણાવ્યા અનુસાર, કનાબેનના પિતા પિદિયાભાઈ લીમજીભાઈ નિનામાના નામે ગામ નસીરપુર,તા.જિ.દાહોદમાં રે.સ.નં.૧૦/૨ પૈકી વાળી જમીન આવેલ છે. આ જમીન જેનું ક્ષેત્રફળ હે.૦-૧૩-૧૫ ચો.મી. છે અને આ સર્વે નંબર પીદીયાભાઈના મરણ સુધી આ જમીનમાં બાપ – દાદાઓ ખેતી કામ કરતાં હતા.અને પીદીયાભાઈના કુટુંબનું ભરણ પોષણ આ જમીનમાં ખેતીકામ પરથી નિર્ભર કરતું હતુ. પીદીયાભાઈની પરિવારજનોની પરિસ્થિતિ કંગાળ હતી. આદિવાસી જાતિના હોઈ કામ અર્થે માટે કેટલાક સમય પહેલા બહાર ગામ જતા રહ્યા હતા. આ સમયગાળા દરમ્યાન પીદીયાભાઈનું મોત તા.૦૪.૦૮.૧૯૯૫ના રોજ દાહોદ ખાતે થયું હતુ.અને પીદીયાભાઈની મરણની નોંધ દાહોદ નગરપાલિકા ખાતે પણ કરાવી હતી. પિદિયાભાઈના મૃત્યુ પછી કનાબેન અને તેમની બીજી બહેનના લગ્ન થઈ ગયા હતા.અને તેઓ સાસરીમાં જતા રહ્યા હતા. આ સમયગાળા દરમ્યાન પીદીયાભાઈની જમીન પડતર રહેલી તેનો લાભ લઈ દાહોદ ખ્યાતનામ અને નામાંકીત વ્યક્તિ જે સમાજના આગેવાન પણ હોય તેમજ વર્ષો સુધી ડી.વાય.એસ.પી. તેમજ પુર્વ ધારાસભ્યના ઉમેદવાર રહી ચુકેલા એવા નગરસિંહ પલાસ જેઓને આ વાતની ખબર પડતા આ જમીન પડાવી લેવાનું કાવતરૂ કર્યું હોવાનું પીદીયાભાઈની પુત્રી કનાબેન દ્વારા અરજીમાં આક્ષેપો પણ કર્યા છે. વધુમાં તેઓએ અરજીમાં જણાવ્યા અનુસાર, સ્થાનીક વ્યક્તિ મનુભાઈ કતીજાનો સંપર્ક કરી નગરસિંહ પલાસે ખોટુ વસીયતનામું ૨૦૦૯ના સમયમાં રજીસ્ટ્રેશન વીલ બનાવીને પીદીયાભાઈની જમીન તેઓના નામે પણ કરી લીધી હતી. આ જમીનમાં અરજદાર કનાબેનના પિતા પીદીયાભાઈ ૧૯૯૫માં ગુજરી ગયેલ હોય તો ૨૦૦૯ની સાલમાં કેવી રીતે આ વસીયત બનાવી શકાય અને આ વ્યક્તિને આપી દીધી? પ્રથમ દ્રષ્ટિએ ખોટી રીતે ઉપજાવી કાઢેલ વસીયતનામામાં મૃતક પીદીયાભાઈના ફોટોની જગ્યાએ કોઈ બીજા જ વ્યક્તિનો ફોટો ચોટાડી જઈ નામ તો પીદીયાભાઈનું જ રાખવામાં આવ્યું છે. આ શક્ય કેવી રીતે હોય. કારણ કે, પિદિયાભાઈનું મોત ૧૯૯૫માં થઈ ચુક્યું હતુ.અને આ વસીયતનામું ૨૦૦૯માં કરવામાં આવ્યું. અરજીમાં વધુમાં જણાવ્યા અનુસાર, છેતરપીંડી કરીને આ જમીન પચાવી પાડવામાં આવેલ હોવાના પણ આક્ષેપો કરવામાં આવેલ છે. અરજદારના જણાવ્યા પ્રમાણે તેઓ ત્રણ થી ચાર વખત નગરસિંહ પલાસ પાસે આ બાબતે વાતચીત કરવા પણ ગયા હતા.પરંતુ નગરસિંહ પલાસ દ્વારા ગોળ ગોળ જવાબો આપી, ધાકધમકીઓ આપીને, તમોને ગુંડાઓથી મરાવી નાંખીશ તેવી ધમકી આપી અરજદારોને ભગાડી મુક્યા હતા. અરજદારના જણાવ્યા અનુસાર, તેઓ એકલા હોઈ આવા ગુંડા અને અસામાજીક તત્વો સામે મુકાબલો કરવામાં સક્ષમ ન હોય અને ખોટી રીતે તેઓની જમીન પચાવી પાડનાર આવા તત્વો સામે સખ્તમાં સખ્ત કાર્યવાહી કરવામાં આવેલ તેવી અને પોતાને ન્યાય મળે તેવી દાહોદ જિલ્લા વહીવટી તંત્ર સમેજ ઉચ્ચસ્તરીય રજુઆત કરવામાં આવી છે.

# દાહોદ ખાતે સાંસદની અધ્યક્ષતામાં દિશા કમિટીની બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં દિશા કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોની યોજનાઓની સપ્ટેમ્બર અંત સુધીમાં કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાજયમંત્રી બચુભાઈ ખાબડ સહિત ધારાસભ્યઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ડ્રિસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ એન્ડ કો.ઓર્ડીનેશન કમિટીની બેઠકમાં સાંસદ ભાભોરે જણાવ્યું કે, જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ. તેમણે આવાસ, સિંચાઈ, કૃષિ, સ્માર્ટ સીટી અંતર્ગત થઈ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા-સમીક્ષા કરી હતી.

રાજયમંત્રી બચુભાઈ ખાબડે બેઠકમાં યોજનાઓ ઝડપથી કાર્યાન્વિત કરી આટોપવામાં ઉપરાંત ગુણવત્તાભેર કામો કરવા પર ભાર મૂકયો હતો. તેમણે સિંચાઈ યોજનાઓની કામગીરી પણ ત્વરાથી કરવા જણાવ્યું હતું જેથી ખેડૂતો યોગ્ય સમયે તેનો લાભ ઉઠાવી શકે.

ખેતીવાડી અધિકારી સુથારે માહિતી આપી હતી કે, આ વખતે આઈ ખેડૂત પોર્ટલ થકી ખેડૂતોઓ દ્વારા અરજીઓનું પ્રમાણ બમણું થયું છે અને વીસ હજાર કરતા પણ વધુ ખેડૂતોએ અરજી કરી છે.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ યોગેશભાઈ પારગી, ધારાસભ્ય રમેશભાઈ કટારા,ચંદ્રિકાબેન બારીયા, વજેસિંગભાઈ પણદા, કલેકટર વિજય ખરાડી, નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે, ડીઆરડીએ નિયામક સી.બી બલાત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સંજેલી સરપંચને હોદ્દા પરથી દૂર કેમ ન કરવા તે બાબતે ગંભીર નોંધ લઈ કારણદર્શક નોટિસ આપતા TDO

## સંજેલી પંચાયતની રહેમ નજર હેઠળ બજારમાં અને ગૌચરમાં ગેરકાયદેસર બાંધકામ થતાં સત્તા પરથી દૂર કરવા નોટિસ પાઠવી

સંજેલી,

સંજેલી પંચાયત વિસ્તારમાં એક વર્ષ અગાઉ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જે બાદ ફરી સરપંચની રહેમનજર હેઠળ દબાણો થતાં ફરજમાં નિષ્ફળ ગયેલા સરપંચ કિરણ રાવતને ફરજ બજાવવામાં નિષ્ફળ જતાં તાલુકા વિકાસ અધિકારીએ રહેમનજર હેઠળ થયેલા દબાણોની ગંભીર નોંધ લઈ સરપંચને સત્તા પરથી દૂર કરવા જિલ્લા વિકાસ અધિકારીને ભલામણ કેમ ન કરવી ? તે બાબતે કારણદર્શક નોટિસ પાઠવી બે દિવસમાં ખુલાસો માંગ્યો છે. જેની જાણ થતાં જ સંજેલી તાલુકામાં ચારે કોર ચર્ચાનો વિષય બન્યો છે.

સંજેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં વર્ષ ૨૦૧૮ મા દબાણ હટાવવાની કામગીરી ના ઝુંબેશ રૂપે દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જે બાદ ફરી દબાણ ન થાય તે અંગે તાત્કાલિક પગલાં લઈ ગટર રસ્તા બનાવી સાફ સફાઈ રાખવા પંચાયતને લેખિત સૂચના આપવામાં આવી હતી.તેમ છતાં સૂચનાને ધોળીને પી જઈ સરપંચ પોતાની સત્તાના નશામાં રહેતા કોઈ પણ જાતની તકેદારી રાખેલ નથી.જેના કારણે સંજેલી ગામમાં ફરી જુના બસ સ્ટેશન વિસ્તાર માંડલી રોડ અને ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો થતાં જ ગામલોકોની રજૂઆતો આવતાં સરપંચની રહેમ નજર હેઠળ કોઈ પણ જાતની મંજૂરી વગર દુકાનો બનાવી દબાણો કરવામા આવેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત ધ્યાને આવતા સરપંચ કિરણ રાવતને ફરજ બજાવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી ધ્યાને આવ્યું હતું.સાથે સાથે સર્વે નંબર ૧૧૭ વાળી ગૌચરની જમીનમાં પણ કાલિકા માતાનું મંદિર બનાવી અનઅધિકૃત દબાણ બાબતે પણ મામલતદાર દ્વારા પણ કાર્યવાહીનો અહેવાલ માંગવામાં આવેલ છે. જેથી સરપંચ પોતાની સત્તામા ડુબી કાળા કાચ વાળી ગાડીમાં ફરતા રહ્યા અને તેમની રહેમ નજર હેઠળ ગામમાં મોટાપાયે દબાણો નો ખડકલો થતો રહ્યો.જેથી ગામમાં ફરી ટ્રાફિકના દ્રશ્યો સર્જાવા લાગ્યા છે.ત્યારે લોકોની રજૂઆતને ધ્યાને લઈ મોડે મોડેથી જાગેલા તાલુકા વિકાસ અધિકારી એસ જે ભરવાડે સંજેલી સરપંચને ફરજ માં નિષ્ફળ ગયેલા હોવાનું જણાઈ આવતાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩અનુસાર ૫૭(૧)મુજબ કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારીને ભલામણ કેમ ન કરવામાં આવે તે માટે ગંભીર નોંધ લઈ કારણદર્શક નોટીસ ફટકારી દિન બે માં ખુલાસો કરવા નોટિસ ફટકારી હતી.

એક તરફ દબાણને લઈને પંચાયતમાં શોપિંગ સેન્ટર પણ તોડી નાખવામાં આવ્યા હતા. ત્યારે દબાણ દૂર થતાં જ ફરી શોપિંગ સેન્ટર બનાવવા માટેની આંટાફેરા પણ જિલ્લા કક્ષાએ વધવા માંડ્યા છે.જો શોપિંગ સેન્ટર જ બાંધવું હોત તે પંચાયતની પાકી દુકાનો તોડવામાં કેમ આવી ? તે પણ ગામ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

સંજેલી બજારમાં વારંવાર ટ્રાફીકના દ્રશ્યો સર્જાતા એક વર્ષ અગાઉ સંજેલીમાં બજારમાં દબાણો દૂર કરવાની સાથે સાથે પંચાયતે બનાવેલા શોપિંગ સેન્ટરની દુકાનો તેમજ જૂની પંચાયત રેન બસેરાપણ તોડી પાડવામાં આવ્યા હતા.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૭ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૫૭ને પાર પહોંચ્યો છે. દાહોદમાં મંથરગતિએ કોરોનાની સંખ્યા આગળ વધી રહી છે ત્યારે આરોગ્ય તંત્ર તેમજ જિલ્લાવાસીઓએ પહેલા હાલના સમયમાં કોરોના સંક્રમણ મામલે રાહત અનુભવી રહ્યા છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૬૯ પૈકી ૦૨ અને રેપીટ ટેસ્ટના ૧૪૧૬ પૈકી ૦૫ એમ કુલ ૦૭ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૭ માંથી દાહોદમાંથી ૦૩ અને ઝાલોદમાંથી ૦૪ કેસોનો સમાવેશ થાય છે. આજેવધુ ૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૭૨ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

### સંજેલી તાલુકાની યુવતિને M.A. એડમીશનના નામે

# પ્રમાણપત્રો મેળવી સંતરામપુરના યુવાને મેરેજ સર્ટીફિકેટ ઉપર સહી કરાવી લેતાં ફરિયાદ

સંજેલી

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં રહેતી એક ૨૨ વર્ષીય યુવતીને એમ.એ.માં એડમીશન અપાવવાનું કહી મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે રહેતા એક યુવકે આ યુવતી પાસેથી તેના અસલ પ્રમાણપત્રો લઈ પોતાની પ્રેમ જાળમાં ફસાવી પોતાના સગાસંબંધી તેમજ મીત્રોની મદદથી સગીરાને ડરાવી, ધમકાવી બળજબરી પુર્વક મેરેજ સર્ટીફીકેટ ઉપર સહીઓ કરાવ્યા બાદ યુવક આ યુવતીને અલગ અલગ જગ્યાએ ગોંધી રાખી તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતાં આ સંબંધે યુવતીએ યુવત સહિત ૭ જણા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંજેલી તાલુકામાં રહેતી એક ૨૨ વર્ષીય યુવતીને મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે બાબરી ગામે રહેતો સચીનભાઈ ભરતભાઈ મકવાણાએ એમ.એ.માં એડમીશન અપાવવાનું બહાનું કર્યું હતુ અને યુવતી પાસેથી તેના અસલ પ્રમાણપત્રો લઈ વિગેરે લઈ મિત્રતા બાંધી લીધી હતી. આ બાદ લગ્ન કરવવા પટાવી ફોસલાવતા યુવતીએ યુવકને એમ પણ કહ્યું હતુ કે, મારી સગાઈ થઈ ગયેલ જેથી લગ્ન નહીં તેની જોડે લગ્ન નહીં કરી શકે, પરંતુ સચીનભાઈ દ્વારા યુવતીને ધાકધમકીઓ આપી હતી અને એક દિવસ તેના અસલ પ્રમાણપત્રો પરત આપવા સારૂ બોલાવી હતી. આ બાદ સચીનભાઈ અને તેના જ ગામમાં રહેતો જયદીપભાઈ નામક યુવકે આ યુવતીને પોતાની મોટરસાઈકલ પર બેસાડી જુદી જુદી જગ્યાએ ગોંધી રાખ્યા બાદ સચીનભાઈએ આ દરમ્યાન યુવતી ઉપર તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર પણ ગુજાર્યો હતો. આ સમગ્ર મામલા બાદ મહીસાગર જિલ્લાન સંતરામપુર ખાતે રહેતા ભરતભાઈ ચીમનભાઈ મકવાણા, લીલાબેન ભરતભાઈ મકવાણા, ભુરસીંગભાઈ ખેમાભાઈ કલાસવા, મહેશભાઈ રાયસીંગભાઈ કટારા અને મુકેશભાઈ ઉર્ફે માનાભાઈ સંગાડાનાઓએ સચીનભાઈની મદદ કરી યુવતીને મોડાસા મુકામે લઈ ગયા હતા અને ત્યા મેરેજ સર્ટીફીકેટ ઉપર ધાકધમકીઓ આપી સહીઓ કરાવી લીધી હતી અને ત્યાર બાદ પણ સચીન દ્વારા યુવતીને જુદી જુદી જગ્યાએ લઈ જઈ ત્યા પણ તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતા આવા ત્રાસથી સચીન તથા તેના પરિવારજનો તેમજ મીત્રોની ચંગુલમાંથી છુટી યુવતી પરત પોતાના ઘરે આવી સમગ્ર બાબતની જાણ પરિવારજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને યુવતીને લઈ પરિવારજનો સંજેલી પોલીસ મથકે આવી ઉપરોક્ત યુવક સહિત સાત વ્યક્તિઓ સામે યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદના ખરોડ ગામે કુવામાં પડેલ શિયાળનું રેસ્કયુ કરી બહાર કઢાયું

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે એક શિયાળ છેલ્લા ત્રણ દિવસથી કૂવામાં પડી ગયું હતું આ શિયાળને ઓલ એનિમલ રેસ્કયુ ગ્રુપ દ્વારા વનવિભાગની મદદથી કૂવામાંથી બહાર કાઢી શિયાળનું મેડિકલ ચેકઅપ તેમજ ટ્રીટમેન્ટ આપી નજીકના જંગલમાં હેમખેમ છોડી મુકાયું હતું. એક શિયાળ દાહોદ તાલુકાના ખરોડ ગામમાં આવેલ એક કૂવામાં અકસ્માતે પડી ગયું હતું. આ શિયાળ છેલ્લા ત્રણ દિવસથી કૂવાના પાણીમાં હોવાની જાણ ગ્રામજનોને થતા તેઓએ નજીકના ઓલ એનિમલ રેસ્ક્યુ ગ્રુપ નો સંપર્ક કર્યો હતો અને આ ગ્રુપના સદસ્યો સ્થળ પર આવી પહોંચ્યા હતા. આ બાદ આ ગ્રુપના સદસ્યો દ્વારા તરત જ નજીકના વનવિભાગને જાણ કરાતા વનવિભાગના કર્મચારીઓ પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. ઓલ એનિમલ રેસ્કયુ ગ્રુપ તેમજ વન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા કૂવામાં પડી ગયેલા શિયાળને હેમખેમ બહાર કાઢવામાં આવ્યું હતું અને મુવાલીયા વેટરનરી હોસ્પિટલ ખાતે આ શિયાળને લઈ જવામાં આવ્યું હતું. ત્યાં શિયાળાનું મેડિકલ ચેકઅપ તેમજ તેને સારવાર આપી રામપુરા ફોરેસ્ટ રેન્જના જંગલમાં છોડી મૂકવામાં આવ્યું હતું.

# દે.બારીઆની પાનમ નદીમાંથી મોટાપાયે ખનિજનું ખોદકામ

દે.બારીઆ,

દાહોદ જીલ્લામાંની ખાણ-ખનિજ કચેરી જાણે છે કે નથી ? પાસ પરમીટનો પણ દુરઉપયોગ થાય છે. ગેરકાયદે રેતીનું મોટાપાયે લીઝના નીતિનિયમોને નેવે મૂકી રેતી માફિયાઓનું તંત્ર સાથે જેમાં ખાણ-ખનિજ તેમજ ટ્રાફિક પોલીસ પણ સામેલ છે. મોટી ટર્બો ટ્રકો ભરી ભરી રેતી હેરાફેરી થાય છે. એક મોટી ટ્રકના રૂા.૫૦૦/- કેસ દીઠ લેવામાં આવે છે. સરકારને ખુદ પોલીસ લાખો રૂપીયાનો ચૂનો ચોપડવામાં ગંભીર ગુનો આચરવામાં ખચકાતા નથી. સવારના સાત, અગિયાર તેમજ બે કલાકે રેતીની ભરેલી ટ્રકોને રૂપીયા લઈને પસાર કરી દેવામાં આવે છે અને છેલ્લા સાંજે આઠ કલાકે પણ પાછળ રહી ગયેલી ટ્રકોને રોકી પોતાના રહેઠાણના કોટર્સ પાસે રૂપીયા છાપવામાં મશગુલ રહે છે. તે ટ્રાફિકના બેંક બેલેન્સ સાથે લોકર્સ તમામ સંપતિ આજુબાજુના સંબંધીઓની પણ તપાસ કરવી જરૂરી છે. તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે. વાડ ચિંભડા ગળતી હોય તો કોને કહેવું આ દીશામાં વિજીલન્સ વિભાગ આ દીશામાં તપાસનો દોર ચલાવે તો ઘણું બધું બહાર આવે તો નવાઈ નહિ.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 54

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## વધુ એક કૌભાંડનો પર્દાફાશ

# ઘોઘંબાના વાવકુલ્લી ગ્રામ પંચાયતે આવાસના શ્રમિકોને આડેધડ નાણા ચુકવાયા

- ગરીબ શ્રમિકોન નામે હોદ્દેદારો અને પદાધિકારીઓ નાણા પડાવ્યાના આક્ષેપ.
- ચોક્કસ દિવસો અને નાણા ચુકવાયાના આદેશનો ઉલંઘન.
- આડેધડ શ્રમિકોની નોંધણી કરીને વધુ રકમ પધરાવાઈ.
- જૂના આવાસના લાભાર્થીઓને પણ બે-બે વાર લાભ અપાયાની ચર્ચા.
- સિંચાઈના કામ બાદ વાવકુલ્લી પંચાયતમાં આવાસમાં ગેરરીતિ આચરાઈ.
- માત્ર પાંચ માસમાં રૂા.૮૦.૧૯ લાખના મનરેગાના કામો પણ વિકાસ કોનો ?
- મનસ્વીપણે શ્રમિકો નોંધીને આવકનું સાધન બન્યું.
- મસમોટા કૌભાંડની ગાંધીનગર વિઝીલન્સ તપાસ કરે તેવી માંગ.

ઘોઘંબા,

ઘોઘંબાના વાવકુલ્લી ગ્રામ પંચાયત દ્વારા કોરોના કાળમાં મનરેગા યોજનામાં મસમોટું રૂા.૮૧.૧૭ લાખનું કૌભાંડ આચરાયું છે. માત્ર ચાર માસમાં ભર્યાની ચર્ચાઓ ઊઠી રહી છે.

કેન્દ્ર સરકારની મનરેગા યોજના ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવાર માટે આર્શીવાદરૂપ છે. ઘર આંગણે રોજગારી મળે તે માટે શ્રમિકોની

### આવતા સોમવારે કાલોલ તાલુકા પંચાયતના કૌભાંડનો પર્દાફાશ થશે

કાલોલ તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતો દ્વારા હાથ ધરાયેલા મનરેગાના કામોમાં ભારે ગેરરીતિ આચરાઈને સરકારી નાણાનો વ્યર્થ થયો છે. આ શ્રમિકોને મજૂરી મળવાને બદલે વિવિધ ગ્રામ પંચાયતો દ્વારા કમાણીનું સાધન બનેલ જોવા મળે છે. અવારનવાર ગ્રામજનો દ્વારા મનરેગાના કામોની તપાસ કરવાની માંગ છતાં તાલુકા પંચાયત દ્વારા કોઈ જાતની કાર્યવાહી ન થતા સાંઠગાંઠ હોવાનું સ્પષ્ટ દેખાય છે. આવતા સોમવારના રોજ પંચમહાલ સમાચાર દ્વારા મનરેગા યોજનાના કૌભાંડનો પર્દાફાશ કરતો અહેવાલ પ્રકાશિત કરવામાં આવશે.

જ ૧૫૭ પ્રધાનમંત્રી આવાસના લાભાર્થીઓને આડેધડ રકમ ફાળવીને ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની સાંઠગાંઠથી જવાબદારોએ પોતાના ખિસ્સા નોંધણી ગ્રામ પંચાયત દ્વારા કરાતી હોય છે. જરૂરી દસ્તાવેજોની ચકાસણી બાદ બેંકમા ખાતું ખોલાવીને કામ મુજબ ૧૦૦ દિવસનું વેતન મળવાપાત્ર છે. પરંતુ ઘોઘંબા તાલુકાના વાવકુલ્લી ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતના જવાબદારોની મેળાપીપણાથી મનરેગા યોજનાના ચેકડેમ, ચેકવોલ, પ્રધાનમંત્રી આવસ યોજના, આર.સી.સી.રોડ, માટી મેટલના વિકાસના કામો તે પણ મે-જૂનથી લઈને ઓકટોબર જેટલા ટૂંકાગાળામાં રૂા.૮૦.૧૯ લાખ એટલે અધધ સરકારી નાણાના ખર્ચાઓ પાડી દેવાયા છે.

સિંચાઈના કામોમાં આર્થિક ગોબાચારી આચરયા બાદ પ્રધાનંત્રી આવાસ યોજનામાં રકમ ફાળવવામાં આવતા શંકાના ઘેરામાં આગી ગયા છે. એક સાથે ૧૫૭ જેટલા આવાસ અને આવાસ બનાવનાર પરિવારના ચાર-પાંચના નામો નોંધણી કરાવીને ઓછામાં ઓછા રૂા.૯૯૫ તો વધુમાં વધુ રૂા.૧૫ હજાર સુધી ચુકવવામાં આવ્યા છે. સામાન્ય રીતે આવાસ બનાવનાર લાભાર્થીઓને માત્ર બે વ્યકિતને નરેગા યોજના યોજના હેઠળ કામ મળવાપાત્ર અને વેતનપાત્ર છે. તેમ છતાં વધુ પ્રમાણમાં લાભાર્થીઓને રકમ મનસ્વીપણે ચુકવી દેવાયાની બૂમ ઊઠી રહી છે. આ આવાસ તો બે-ત્રણ વર્ષ પૂર્વે મંજૂર થયેલા છે. એવા સ્થળોએ જૂના મકાનના ફોટા મૂકી દઈને લાભાર્થીઓના નામે પણ પૈસા ઉપાડવામાં આવ્યા છે. આ ફોટાઓ સરપંચ તથા હોદ્દેદારોએ વર્ષ પૂર્વે પડાયેલા ફોટા આધારે શ્રમિક તરીકે નોંધણી કરી હતી.

સિંચાઈના કામો બાદ મનરેગા યોજના અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અંદાજીત ૨૫ લાખ લાભાર્થીઓને ફાળવી દેવાયા છે. માત્ર ટુંકાગાળામાં એટલે કોરોના લોકડાઉન અને લોકડાઉન પછી ગ્રામ પંચાયતને ઉચ્ચ અધિકારીઓના ડર રાખ્યા વિના જાણે પોતાના ખિસ્સામાં લઈને ફરનાર હોદ્દેદારોએ કોઈ જોનાર નથી કે કોઈ પૂછનાર નથી. તેમ માત્ર કમાણીનું સાધન બન્યું હતું. આ લાભાર્થીઓ પાસેથી કમિશન પેટે રકમ ઉઘરાવાઈ હોવાનું પણ કહેવાય છે. સામાન્ય રીતે ૫૦ દિવસની રોજગારી આપવાની હોય છે. પરંતુ આવાસ નિર્માણમાં શ્રમદાન આપનારોને બિન્દાસ નાણા ચુકવીને સરકારી નાણા ચાઉં કયા હોવાના આક્ષેપો ઊઠયા છે. આવાસના વિકાસ પાછળ લખલૂંટ આંધણ કર્યાના આક્ષેપો વચ્ચે ગાંધીનગરની વિઝીલન્સ ટીમ દ્વારા તપાસ હાથ ધરાય તો ભોપાળું બહાર આવે તેમ છે.

### કોરોના કાળમાં પોતાના તરભણા ભર્યા

કોરોના કાળમાં લોકડાઉન સરકારે જાહેર કરતા ત્રણ-ત્રણ માસ સુધી ગ્રામ્ય વિસ્તારના વાવકુલ્લી ગામના અનેક પરિવારો આર્થિક ભીંસમાં મુકાઈ ગયા હતા. કુશળ કારીગરો હોવા છતાં બેરોજગાર બનતા છેલ્લે મનરેગા હેઠળના કામો શરૂ કરવાની છુટ્ટી અપાઈ હતી. બસ આજ કારણ મળી ગયું કમાણીનું મનરેગા યોજના કામો શરૂ થતા ઠેરઠેર શ્રમિકો નજરે પડીને વિકાસ થતો ગયો હતો અને શ્રમિકોને મદદરૂપ થવા સરકારે રૂા.૨૦૦ એક દિવસનું વેતન ચુકવવાનો આદેશ થતાં આવાસના લાભાર્થીઓ પાસેથી પૈસા પડાવવામાં તેઓને બાકાત રાખવામાં આવ્યા નહીં. શ્રમિકોને આવા કપરા અને બેરોજગારી પરિસ્થિતીમાં મદદરૂપ બનવાને જગ્યાએ માનવા ભૂલીને શ્રમિકોના માધ્યમમાં પોતાના તરભણાં ભર્યા હોવાના પણ અરજદારોમાં ચર્ચા ચાલી રહી છે. આડેધડ અને એકસામટી ચુકવાયેલી રકમ અને દિવસે ગણતરી કરાય તો કૌભાંડનો પર્દાફાશ થાય.

### આવાસના આડેધડ ચૂકવાયેલ નાણાંની યાદી

| લાભાર્થીઓના રજી.નંબર | ચુકવાયેલ રકમ |
|---|---|
| REG. NO. GJ1394875(1114015074/IF/IAY/348955) | - 6965 |
| REG. NO. GJ1189107(1114015074/IF/IAY/348972) | - 1990 |
| REG. NO. GJ1163874(1114015074/IF/IAY/348974) | - 12544 |
| REG. NO. GJ1663931(1114015074/IF/IAY/351474) | - 5572 |
| REG. NO. GJ1560460(1114015074/IF/IAY/358617) | - 3136 |
| REG. NO. GJ1413377(1114015074/IF/IAY/365396) | - 0716 |
| REG. NO. GJ2009728(1114015074/IF/IAY/365466) | - 995 |
| REG. NO. GJ1905333(1114015074/IF/IAY/365468) | - 1242 |
| REG. NO. GJ1184895(1114015074/IF/IAY/365531) | - 8358 |
| REG. NO. GJ1184986(1114015074/IF/IAY/365532) | - 8358 |
| REG. NO. GJ1550993(1114015074/IF/IAY/365533) | - 7552 |
| REG. NO. GJ1545423(1114015074/IF/IAY/365534) | - 8358 |
| REG. NO. GJ1564429(1114015074/IF/IAY/365535) | - 8358 |
| REG. NO. GJ1564411(1114015074/IF/IAY/365536) | - 8358 |
| REG. NO. GJ1590733(1114015074/IF/IAY/365538) | - 8358 |
| REG. NO. GJ1599127(1114015074/IF/IAY/365539) | - 9408 |
| REG. NO. GJ1600553(1114015074/IF/IAY/365540) | - 8358 |
| REG. NO. GJ1607250(1114015074/IF/IAY/365541) | - 9408 |
| REG. NO. GJ1606192(1114015074/IF/IAY/365542) | - 10348 |
| REG. NO. GJ1606035(1114015074/IF/IAY/365543) | - 8358 |
| REG. NO. GJ1606060(1114015074/IF/IAY/365544) | - 8358 |
| REG. NO. GJ1605049(1114015074/IF/IAY/365545) | - 2985 |
| REG. NO. GJ1629731(1114015074/IF/IAY/365546) | - 9408 |
| REG. NO. GJ1631899(1114015074/IF/IAY/365547) | - 8358 |
| REG. NO. GJ1632276(1114015074/IF/IAY/365548) | - 8358 |
| REG. NO. GJ1633819(1114015074/IF/IAY/365549) | - 8358 |
| REG. NO. GJ1633830(1114015074/IF/IAY/365550) | - 8358 |
| REG. NO. GJ1634039(1114015074/IF/IAY/365551) | - 8358 |
| REG. NO. GJ1638580(1114015074/IF/IAY/365552) | - 8358 |
| REG. NO. GJ1645056(1114015074/IF/IAY/365553) | - 8358 |
| REG. NO. GJ1645633(1114015074/IF/IAY/365554) | - 2985 |
| REG. NO. GJ1645643(1114015074/IF/IAY/365555) | - 8358 |
| REG. NO. GJ1622748(1114015074/IF/IAY/365556) | - 8708 |
| REG. NO. GJ2012903(1114015074/IF/IAY/365557) | - 8358 |
| REG. NO. GJ2031927(1114015074/IF/IAY/365558) | - 8571 |
| REG. NO. GJ2058556(1114015074/IF/IAY/365559) | - 8358 |
| REG. NO. GJ2046566(1114015074/IF/IAY/365560) | -11134 |
| REG. NO. GJ2046793(1114015074/IF/IAY/365561) | - 8358 |
| REG. NO. GJ1976035(1114015074/IF/IAY/365562) | - 11940 |
| REG. NO. GJ1886397(1114015074/IF/IAY/365563) | - 6720 |
| REG. NO. GJ1869578(1114015074/IF/IAY/365564) | - 6146 |
| REG. NO. GJ1865244(1114015074/IF/IAY/365566) | -15350 |
| REG. NO. GJ1815490(1114015074/IF/IAY/365567) | - 9257 |
| REG. NO. GJ1815591(1114015074/IF/IAY/365568) | - 9408 |
| REG. NO. GJ1827877(1114015074/IF/IAY/365569) | - 10348 |
| REG. NO. GJ1827217(1114015074/IF/IAY/365570) | - 6121 |
| REG. NO. GJ1838173(1114015074/IF/IAY/365571) | - 3980 |
| REG. NO. GJ1834580(1114015074/IF/IAY/365572) | - 1990 |
| REG. NO. GJ1946911(1114015074/IF/IAY/365573) | - 10746 |
| REG. NO. GJ1947517(1114015074/IF/IAY/365574) | - 3980 |
| REG. NO. GJ1919948(1114015074/IF/IAY/365575) | - 15136 |
| REG. NO. GJ1938179(1114015074/IF/IAY/365576) | - 11542 |
| REG. NO. GJ1697960(1114015074/IF/IAY/365577) | - 3980 |
| REG. NO. GJ1698056(1114015074/IF/IAY/365579) | - 15680 |
| REG. NO. GJ1751724(1114015074/IF/IAY/365581) | - 9157 |
| REG. NO. GJ1692014(1114015074/IF/IAY/365582) | - 15124 |
| REG. NO. GJ1670992(1114015074/IF/IAY/365583) | - 7960 |

# શહેરાના નવા ભુરખલ ગામે DP બળી જતાં ચાર-દિવસ અંધાર ઉલેચતા ગ્રામજનો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના નવા ભુરખલ ગામ મા ડીપી બળી જતા સ્થાનિક ગ્રામજનો ચાર દિવસથી અંધારામાં જીવન જીવી રહ્યા છે. એમ.જી.વી.સી.એલ તંત્ર ને સ્થાનિક ગ્રામજનોની અનેક રજૂઆત બાદવીજ ડીપી નાખવાની તજવીજ હાથધરી હતી.આ વિસ્તાર માં વીજ સમસ્યા પણ દૂર થાય તે પણ જરૂરી છે.

શહેરા તાલુકાના નવા ભુરખલ ગામમાં ૧૦૦ ઉપરાંત રહેણાંક ઘરો આવેલા છે. આ ગામમાં પાછલા ચાર દિવસથી વીજ ડીપીમાં ખામી સર્જાતા ગામ મા અંધારપટ છવાયો હતો. આ ગામના જાગૃત નાગરિક કમલેશ ભાઈ,નરેન્દ્ર ભાઇ તેમજ દેવેન્દ્રભાઈ સહિતનાઓ એ એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે જાણ કરી હતી.ગ્રામજનો ની રજૂઆત બાદ પણ ત્રણ દિવસ સુધી વીજ ડીપી નવીન નાખવામાં નહી આવતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. આ સ્થાનિક ગ્રામજનો અંધારૂ થતા પહેલા પરિવાર સાથે ચીમની ના અજવાળે જમવાનું જમતા હતા.જ્યારે મોબાઈલ અને બેટરી ચાર્જ કરવા માટે બાજુ ના ગામ મા જવાની નોબત આવી હતી. આ ગામ ના વીજ ઉપભોક્તાઓ એ બળી ગયેલ વીજ ડીપી વિજ કચેરી દ્વારા જલ્દી નાખવામાં આવે તેવી અનેક રજૂઆત બાદ વીજ કચેરી દ્વારા વીજ ડીપી નાખવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.આ વિસ્તાર ની વીજ સમસ્યા દૂર થાય તેવી માંગ વીજ ગ્રાહકો માંથી ઉઠવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૬૮૯ થયો

- ૨૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૨૮.
- મૃત્યુ આંક - ૧૧૮.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૭ પોઝીટીવ કેસ નોંધાવા તેમાં ગોધરામાં-૦૫, હાલોલ-૦૯, ઘોઘંબા-૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય પામ્યા છે. નવા ૧૭ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૬૮૯ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## શહેરાના ધામણોદ માર્ગ ઉપર રોડ સાઈડે પલ્ટી ગયેલ કાર માંથી દારૂનો જથ્થો મળ્યો



શહેરા,

શહેરા પોલીસ ને ધામણોદ ભગત ફળિયા પાસે પસાર થતા માર્ગની બાજુમાં આવેલ ખાડામાં પલટી ખાઈ ગયેલ કાર માથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળીને કુલ રૂપિયા ૧,૨૦૮૮૦ ના મુદ્દામાલ સાથે ગાડી નંબરના આધારે તપાસના ચક્રોગતિમાન કર્યા હતા.

શહેરા ના ધામણોદ વડલી પાસે પોલીસ એ દારૂ ભરેલી ગાડી આવવાની હોવાની માહિતી ને લઈને વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસ આવતા જતા વાહનોની તપાસ કરી રહી હતી તે દરમિયાન તેમને માહિતી મળી હતી કે ભગત ફળિયા પાસે પસાર થતા માર્ગની બાજુમાં આવેલ ખાડામાં ટાટા કંપની ઈન્ડિકા વિસ્ટા કાર પલટી ખાઈ ગયેલ છે. પોલીસ સ્થળ પર જઈને તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો મળી આવ્યો હતો. મળી આવેલ દારૂના જથ્થાને પોલીસ દ્વારા પોલીસ મથક ખાતે લાવીને ગણતરી કરતા ૫૦,૮૮૦કિંમત નો હોવા સાથે રૂપિયા ૭૦,૦૦૦ની ગાડી મળીને કુલ રૂપિયા ૧,૨૦,૮૮૦ ના મુદ્દામાલ સાથે ગાડીના નંબરના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## કાલોલ તાલુકાના કાલંત્રા ગામે તળાવ પાસે ઝાખરામાં સંતાડી રાખેલ ૨૬ હજારના દારૂ સાથે ઈસમ ઝડપ્યો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના કાલંત્રા ગામે તળાવ પાસે આવેલ ઝાડીઝાંખરામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે અને સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી ઈંગ્લીશ દારૂ કવાટરીયા નંગ-૩૩૬ કિંમત ૨૮,૫૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના કાલંત્રા ગામે તળાવ પાસે ઝાડી ઝાંખરામાં રીંછીયા ગામે રહેતા વિરેન્દ્રભાઈ ઉર્ફે લાલો વિનોદસિંહ સોલંકીએ ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી.પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરી ઝાડીમાં સંતાડી રાખેલ ઈંગ્લીશ દારૂ કવાટરીયા નંગ-૩૩૬ કિંમત ૨૮,૫૬૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ જતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના મેખર ગામની સસ્તા અનાજના દુકાનદારનો અનાજ ન આપતો હોવાનો વીડિયો વાયરલ થતા કાર્ડધારકોને માર મરાયો

શહેરા,

પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના મોખર ગામની સસ્તા અનાજની દુકાનના માલિકે દુકાનમાંથી કાર્ડધારકોને સરકારના વિનામુલ્યે અનાજનો લાભ નહિ અપાતો હોવાની જાણ વાયરલ થતાં કેટલાંક કાર્ડધારકોના ઘરે માણસો મોકલી કાર્ડ ધારકોને ધીબી નાંખી ધમકી અપાતા કાર્ડધારકોએ દુકાનદારની જોહુકમી સામે ન્યાયની માંગણી કરતુ આવેદનપત્ર મામલતદારને સુપરત કર્યુ હતુ. દુકાનદાર કે.એન.ડામોરના માણસો ભારતભાઈ ચંદુભાઈ ડામોર અને ધવલ કલ્પેશ ડામોર કાર્ડધારક અનુપ વાઘાભાઈ ડામોરના ઘરે જઈ ગાળાગાળી કરી મીડિયામાં વાત ફેલાવી હોવાના વ્હેમમાં ગડદાપાટુનો માર માર્યો હતો. દુકાન પાસે ઉભા રહેલા દુકાનદારે પોતાના પિતા કોર્ટમાંથી નિવૃત્ત થયા છે અને ભાભી અને વહુ વકીલ છે તેની ધોંસ આપી ધમકી આપી હતી કે, થાય તે કરી લેજો...મારૂ કોઈ કશુ બગાડી નહિ શકે...આવા બેફામ ઉચ્ચારણા કરતો દુકાનદાર વગના જોરે ભાડુતી માણસો રાખી ગરીબોને ધમકાવી મનમાની કરી રહ્યો હોવાનુ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યુ છે. આવેદનપત્રમાં દાવો કરાયો છે કે, દુકાનદારથી ચાસીને ૩૦૦થી વધુ કાર્ડધારકોએ મેખરની દુકાનમાંથી નામ કમી કરાવીને ગાજીપુરના દુકાનમાં નોંધણી કરાવી દીધી છે. તેમણે ન્યાય નહિ મળે તો વધુ ઉગ્ર કાર્યવાહી કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે. આ સાથે મેખર ગામના અનુપ ડામોરે મોરવા(હ)પોલીસમાં ભારતસિંહ ડામોર અને ધવલ ડામોર સામે મારામારીની ફરિયાદ નોંધાવી છે. અને સામે પક્ષે ભુરાભાઈ ડામોર, અનુપભાઈ ડામોર, લાલાભાઈ ડામોર, અને રાજેન્દ્રસિંહ ડામોર સામે ધવલ ડામોરે મારામારીની ફરિયાદ નોંધાવી છે.

## ગોધરા શહેરની મધ્યમાંથી પસાર થતી મેશરી નદીની સફાઈ અને ઉંડાઈ વધારવા મુખ્યમંત્રીને રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લાના મુખ્યમથક ગોધરા શહેરના મદયમાંથી પસાર થતી મેશરી નદીની સફાઇ તથા ઉડાઈ વધારવા બાબતે પાલિકા સદસ્ય દવારા રાજ્ય ના મુખ્યમંત્રી ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ગોધરા નગરપાલિકાના સદસ્ય યાકુબ બકકર એ મુખ્યમંત્રી ને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતુ કે, ગોધરા શહેરના મદયમાંથી પસાર થતી મેશરી નદી જેમાં ગંદકીનું પ્રમાણ વધી ગયું હોઈ તથા મોટી સંખ્યામાં ઝાડી ઝાંખરા વધી ગયા હોવાથી મચ્છરો નો ઉપદ્રવ વધી ગયો હોવાથી રોગચાળો ફાટી નિકળવાની દહેશત હોઈ તેમજ આ નદીની ઉડાઈ પણ માટી તથા કચરાના કારણે ખુબજ ઓછી થઈ ગયેલ હોવા ના કારણે થોડાક વરસાદ માં પણ પુર જેવી પરીસ્થીતી ઉદભવે છે.અને નદીના કીનારે વસવાટ કરતા લોકોના મકાનોમાં પાણી ભરાય જાય છે.માટે ભવિષ્યમાં આવી હોનારત ફરીથી ના થાય તે માટે મેશરી નદીની ઉડાઈ વધારવા તેમજ સફાઈ થાય તે જરૂરી છે. વધુમાં નદી ગોન્દ્રા થી વ્હોરવાડ કોઝ-વે પુલ તથા ઢેંસલી ફળીયા થી ઈદગાહ વિસ્તાર ને જોડતો પુલ બનાવેલો હોવાથી નદીના પાણીના વહેણ ની સાથે આવતી તમામ પ્રકારની ગંદકી આ કોઝવેમાં આવી રોકાઈ જાય છે.જેના કારણે આજુબાજુના રહેણાંક વિસ્તારો કરતા નદીમાં માટીનું સ્તર ઉચું આવી ગયેલ હોય માટે સ્તવરે યોગ્ય માહિતી મેળવી નદીની ઉડાઈ વધારવા અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## કાલોલ તાલુકાના પાનીની મુવાડી ગામે મહિલા દ્વારા આપઘાતની કોશીષ કરતા બચાવ : સારવાર અર્થે દાખલ કરાયા

કાલોલ,

કાલોલ તાલુકાના પાનીની મુવાડી (સણસોલી)ની ૨૩ વર્ષીય પરણિતાએ પોતાના પિયરમાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતાં બચાવી લેવામાં આવ્યા. મહિલાને સારવાર અર્થે કાલોલ ખાનગી હોસ્પિટલમાં દાખલ ક્રવામાં આવી આ બાબતે કાલોલ પોલીસ મથકેફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના પાનીની મુવાડી (સણસોલી) ગામે નીતાબેન નીલેશભાઈ જાદવ ઉ.વ.૨૩ પિયરમાં આવેલ હતા. અને કોઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાતની કોશીષ કરતાં બચાવી લેવામાં આવ્યા હતા. મહિલાને સારવાર અર્થેકાલોલની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.